RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 258 Dt. 3-04-2025 Page : 08 Price : Rs 3

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT




# વકફ બીલને લઈ સંસદમાં ઘમાસાણ

## NDA અને વિપક્ષી પક્ષો વચ્ચે હોબાળો : રિજિજુએ કહ્યું કે પાછલી યુપીએ સરકારે વકફ કાયદામાં ફેરફારો કર્યા હતા અને તેને અન્ય કાયદાઓથી ઉપર રાખ્યો હતો, તેથી તેમાં નવા સુધારા કરવાની જરૂર

## લોકસભામાં સંખ્યાની દ્રષ્ટિએ NDA મજબૂત સ્થિતિમાં : ૨૯૩ સાંસદો સાથે, જ્યારે બિલ પસાર કરવા માટે ૨૭૨ મતોની જરૂર




નવીદિલ્હી, તા. ૨

કેન્દ્રીય લઘુમતી બાબતોના પ્રધાન કિરેન રિજિજુએ બુધવારે ચર્ચા અને પસાર કરવા માટે લોકસભામાં વક્ફ (સુધારા) બિલ, ૨૦૨૫ રજૂ કર્યું હતું. હવે આગામી આઠ કલાક સુધી તેના પર ચર્ચા થવાની અપેક્ષા છે. આ અંગે શાસક ગઉઅ અને વિપક્ષી પક્ષો વચ્ચે ગરમાગરમ ચર્ચા અને હોબાળો થવાની શક્યતા છે. બિલ રજૂ કરતી વખતે, રિજિજુએ કહ્યું કે પાછલી યુપીએ સરકારે વક્ફ કાયદામાં ફેરફારો કર્યા હતા અને તેને અન્ય કાયદાઓથી ઉપર રાખ્યો હતો, તેથી તેમાં નવા સુધારા કરવાની જરૂર છે.

ગૃહમાં વિપક્ષી પક્ષો પર નિશાન સાધતા રિજિજુએ કહ્યું કે તમે એવા મુદ્દાઓ પર લોકોને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો જે વકફ બિલનો ભાગ નથી. તમને જણાવી દઈએ કે ઉંઉઞ, ઝઉડ અને ચિરાગ પાસવાનની લોક જનશક્તિ પાર્ટી (રામ વિલાસ) જેવા ગઉઅ સાથી પક્ષોએ પણ સરકારને ટેકો આપવાની જાહેરાત કરી છે. બીજી તરફ, વિપક્ષી ગઠબંધન 'ભારત' આ બિલનો જોરદાર વિરોધ કરવા તૈયાર છે. કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી અને અન્ય વિપક્ષી પક્ષોએ તેને બંધારણની વિરુદ્ધ અને લઘુમતીઓના અધિકારો પર હુમલો ગણાવ્યો છે. ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડે પણ બિલ સામે દેશવ્યાપી વિરોધ પ્રદર્શનની અપીલ કરી છે. લોકસભામાં સંખ્યાની દ્રષ્ટિએ ગઉઅ મજબૂત સ્થિતિમાં છે, ૨૯૩ સાંસદો સાથે, જ્યારે બિલ પસાર કરવા માટે ૨૭૨ મતોની જરૂર છે.

શાસક ભાજપની આગેવાની હેઠળના ગઉઅ અને વિપક્ષી ઈન્ડિયા એલાયન્સ પક્ષો વચ્ચે સર્વસંમતિના કોઈ સંકેતો ન હોવાથી, અંતિમ પરિણામ ગૃહમાં બહુમતી સંખ્યાના આધારે નક્કી થઈ શકે છે. મંગળવારે ઈન્ડિયા એલાયન્સે એકતા દર્શાવી અને સંસદમાં વક્ફ (સુધારા) બિલનો વિરોધ કરવા માટે સંયુક્ત વ્યૂહરચના પર ચર્ચા કરી. વિવાદાસ્પદ બિલ પર રણનીતિની ચર્ચા કરવા માટે વિપક્ષી પક્ષોએ સંસદ ભવનમાં એક બેઠક યોજી હતી. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી, મલ્લિકાર્જુન ખડગે અને કેસી વેણુગોપાલ, સમાજવાદી પાર્ટીના નેતા રામ ગોપાલ યાદવ, એનસીપી નેતા સુપ્રિયા સુલે, તૃણમૂલ કોંગ્રેસના કલ્યાણ બેનર્જી અને અઅઙ્ના સંજય સિંહ આ બેઠકમાં સામેલ થયા હતા. ડીએમકેના ટીઆર બાલુ, તિરુચી સિવા અને કનિમોઝી, આરજેડીના મનોજ કુમાર ઝા, સીપીઆઈ(એમ)ના જોન બ્રિટાસ, સીપીઆઈના સંધોષ કુમાર પી, આરએસપીના એનકે પ્રેમચંદ્રન અને વાઈકો પણ બેઠકમાં હાજર હતા.

### ક્યા પક્ષો સરકાર સાથે છે?

વકફ બિલ પર, સરકારને **JDU, TDP, JDS, HAM, LJP** (રામ વિલાસ) શિવસેના, **RLD** અને પવન કલ્યાણની પાર્ટી જનસેનાનો ટેકો મળ્યો છે.

### વકફ એક્ટમાં ફેરફારથી કોઈને નુકસાન નહીં થાયઃ ગૃહમંત્રી અમિત શાહ

સંસદમાં વકફ બિલ પર ચર્ચા દરમિયાન બોલતા ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, ''આ બિલ દ્વારા અમે મિલકતોને સુરક્ષા પૂરી પાડવા માટે કામ કરી રહ્યા છીએ.'' તેમણે સ્પષ્ટતા કરી કે હવે કોઈ પણ જમીનને ફક્ત ઘોષણા દ્વારા વકફ મિલકત બનાવી શકાતી નથી. આ કાયદા હેઠળ, પુરાતત્વ વિભાગ, આદિવાસી સમુદાયો અને સામાન્ય નાગરિકોની મિલકતોનું રક્ષણ કરવામાં આવશે.

# સુવરડા ગામે ભારતીય વાયુસેનાનું ફાઈટર પ્લેનક્રેશ, એક પાયલટ શહીદ, એક ઘાયલ

## પ્લેટ ક્રેસ થતાજ અગનગોળો બની ગયું : કલેકટર



રાજકોટ મિરર, તા.૨

જામનગર પંથકના સુવરડા ગામની સીમમાં ફાઈટર પ્લેન ક્રેશ થતાં પ્લેનના ટુકડા થઈ ગયા હતા અને દુર્ઘટનાને પગલે દૂર સુધી ધૂમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા. સમગ્ર ઘટનાની જાણ થતાં આઈએએફના અધિકારી, કલેક્ટર, એસપી, ફાયર વિભાગ ટીમ સહિત પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. પ્લેન ક્રેશ થવાથી એક પાયલટ શહીદ થયા હોવાનું અને એક પાયલટ ઘાયલ થતાં સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

પ્રાપ્ત વિગતો મુજબ જામનગરના કાલાવડ રોડ નજીક સુવરડા ગામની સીમમાં ભારતીય વાયુસેનાનું તાલીમી ફાઈટર પ્લેન દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. વાડી વિસ્તારમાં અગન ગોળો બની ધડાકાભેર તુટી પડ્યું હતું. સીમમાં પ્લેનનો કાટમાળ વિખેરાયો હતો અને આગ પણ લાગી હતી. જો કે, ફાયર વિભાગની ટીમ પણ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી., ઘટનાના પગલે એક પાયલટ શહીદ થયા હોવાનું સામે આવ્યું છે, જ્યારે એક ઘાયલ થયો છે.


જામનગરના એસપીએ એ જણાવ્યું હતું કે, ફાયટર પ્લેનમાં બે પાયલટ સવાર હતા. ઘટના અંગે જામનગર કલેક્ટરે જણાવ્યું હતું કે, આગ પર સંપૂર્ણ કાબૂ મેળવાયો છે. એક પાયલટ ઈજાગ્રસ્ત થતા તેને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયો છે.

અત્રે એ નોંધનીય છે કે ૩૧ માર્ચ, ૨૦૨૫ના રોજ મહેસાણાના ઍરોડ્રોમ પર ચાલી રહેલા પાયલટ ટ્રેનિંગ સેન્ટરમાંથી ટ્રેનિંગ દરમિયાન એક નાના વિમાને ઉડાન ભરી હતું, જે ઉચરપી ગામના ખેતરમાં ક્રેશ થયું હતું.

આ ઘટનામાં એક ટ્રેઈની મહિલા પાયલોટ ઈજાગ્રસ્ત થઈ હતી, જેમને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

# ઈમિગ્રેશન - વિદેશી બિલ સંસદમાં પસાર

## રાજ્યસભાએ ઈમિગ્રેશન અને ફોરેનર્સ બિલને ધ્વનિ મતદાનથી પસાર કર્યું, જેનો ઉદ્દેશ્ય વિદેશીઓના ઈમિગ્રેશન, પ્રવેશ અને રોકાણને નિયંત્રિત કરવાનો



નવીદિલ્હી, તા. ૨

કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી નિત્યાનંદ રાયે બુધવારે ઈમિગ્રેશન અને વિદેશી બિલ, ૨૦૨૫નો બચાવ કરતા કહ્યું કે શિક્ષણ, પર્યટન અથવા સંશોધન કાર્ય માટે ભારત આવતા લોકોનું સ્વાગત છે, જ્યારે કોંગ્રેસના સાંસદ અભિષેક મનુ સિંઘવીએ આરોપ લગાવ્યો કે આ બિલ એ સંદેશ આપે છે કે બધા વિદેશીઓ ''સંભવિત ગુનેગારો'' છે. બુધવારે, રાજ્યસભાએ ઈમિગ્રેશન અને ફોરેનર્સ બિલને ધ્વનિ મતદાનથી પસાર કર્યું, જેનો ઉદ્દેશ્ય વિદેશીઓના ઈમિગ્રેશન, પ્રવેશ અને રોકાણને નિયંત્રિત કરવાનો છે. આ બિલ ગયા અઠવાડિયે લોકસભામાં પસાર થયું હતું. જ્યારે વિપક્ષે માંગ કરી હતી કે બિલને સમીક્ષા માટે સંસદીય પેનલ પાસે મોકલવામાં આવે, ત્યારે રાયે કહ્યું કે ઈમિગ્રેશન પરના હાલના કાયદા દેશની સ્વતંત્રતા પહેલાના છે અને ત્રણ વર્ષના અભ્યાસ પછી સરકારે આ બિલ લાવ્યું છે. તેમણે કહ્યું કે દેશ શિક્ષણ, પર્યટન, વિકાસ કાર્ય અથવા સંશોધન કાર્ય માટે ભારતમાં આવનારાઓનું સ્વાગત કરશે. ''અમે નિષ્ણાતોને ભારત આવતા અટકાવીશું નહીં કે તેમનો વિરોધ કરીશું નહીં.

જો કોઈ અહીં અભ્યાસ કરી રહ્યું હોય અથવા તબીબી પ્રક્રિયામાંથી પસાર થઈ રહ્યું હોય, તો તેમણે ઓનલાઈન માહિતી આપવી પડશે. આપણે જાણવું જોઈએ કે તેઓ ક્યાં રહે છે... ભૂતકાળમાં કોઈ રેકોર્ડ જાળવવામાં ન આવતા હોવાથી અમને લોકોના ઠેકાણાની જાણ નહોતી,'' રાયે કહ્યું. રાયે કહ્યું, ''જે લોકો સારા ઈરાદા સાથે આવશે તેમનું સ્વાગત કરવામાં આવશે અને જે લોકો ભારત વિરુદ્ધ કાવતરું ઘડી રહ્યા છે તેમનું સ્વાગત કરવામાં આવશે નહીં.'' વિપક્ષ પર પ્રહાર કરતા રાયે આરોપ લગાવ્યો કે ભૂતકાળમાં પશ્ચિમ બંગાળમાં કોંગ્રેસ અને ટીએમસી સરકારે ઘૂસણખોરીમાં મદદ કરી હતી. તેમણે એવો પણ આરોપ લગાવ્યો કે મમતા બેનર્જીની આગેવાની હેઠળની ટીએમસી સરકાર જમીન ગ્રાન્ટ બંધ કરીને સરહદ પર વાડના કામમાં સહકાર આપી રહી નથી. આ કારણે વિપક્ષી સભ્યોએ વોકઆઉટ કર્યો. ભાજપના લહર સિંહ સિરોયાએ કહ્યું કે આ બિલ ઘૂસણખોરીને રોકશે, જે ભૂતકાળમાં મોટા પાયે થઈ છે.

# ટ્રમ્પ આજે Reciprocal Tarrifની કરશે જાહેરાત

## ૨૫ ટકા ટેરીફમાં વધારો કરે : ભારત પર ટેરિફ લાદશે કે કેમ તે તો સમય જણાવશે

નવીદિલ્હી, તા. ૨

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર એક પોસ્ટમાં લખ્યું છે કે આજે અમેરિકામાં સ્વતંત્રતા દિવસ છે. ટ્રમ્પ વચન આપી રહ્યા છે કે તેમની નવી વેપાર નીતિઓ અમેરિકાને 'લૂંટાતા' બચાવશે અને દેશને 'સુવર્ણ યુગ' તરફ દોરી જશે. મંગળવારે, વ્હાઈટ હાઉસે સ્પષ્ટતા કરી કે રાષ્ટ્રપતિ ટ્રમ્પની જાહેરાત પછી તરત જ આ નવા ટેરિફ અમલમાં આવશે. આ ટેરિફનો હેતુ અમેરિકન કામદારો અને ઉદ્યોગોને નુકસાન પહોંચાડનારી ''અન્યાયી વેપાર નીતિઓ'' સામે લડવાનો છે. ટ્રમ્પે એક પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું, 'લાંબા સમયથી, અમેરિકા વિશ્વની પિગી બેંક રહ્યું છે. આજે, આપણે નિયંત્રણ પાછું લઈ રહ્યા છીએ. આ આપણો મુક્તિ દિવસ છે જેમાં અન્યાયી વેપાર કરારો, અમેરિકન માલ પર ભારે ટેરિફ અને આપણા વ્યવસાયો અને કામદારોને નુકસાન પહોંચાડતી નીતિઓથી મુક્તિ. ટ્રમ્પ વહીવટીતંત્રના આ પગલાથી ચીન, યુરોપિયન યુનિયન, ભારત, જાપાન, મેક્સિકો અને કેનેડા જેવા મુખ્ય વેપારી ભાગીદારોને અસર થશે. આ ટેરિફની જાહેરાતથી વૈશ્વિક બજારોમાં હલચલ મચી ગઈ છે અને ઘણા દેશોએ સંભવિત બદલો લેવાના સંકેત આપ્યા છે. આનાથી નવા વૈશ્વિક વેપાર યુદ્ધની આશંકા વધી છે.

ટ્રમ્પે ગયા અઠવાડિયે અમેરિકાની બહાર બનેલી બધી કાર અને તેના ભાગો પર ૨૫ ટકા ટેરિફની જાહેરાત કરી હતી. આ ચાર્જ બુધવારથી લાગુ થશે. યુરોપિયન યુનિયનથી લઈને કેનેડા અને મેક્સિકો સુધીના વેપારી ભાગીદારોએ કહ્યું છે કે તેઓ બદલો લેવાના ટેરિફ અને અન્ય પ્રતિ-પગલાં સાથે પ્રતિક્રિયા આપશે, જ્યારે કેટલાકે વ્હાઈટ હાઉસ સાથે વાટાઘાટો કરવાનો પ્રયાસ કર્યો છે.અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે, મારું માનવું છે કે અનેક દેશો તેમના ટેરિફમાં ઘટાડો કરશે, કારણ કે તેમણે વર્ષોથી અયોગ્ય રીતે અમેરિકા પર ઊંચા ટેરિફ નાંખ્યા હતા. યુરોપીયન યુનિયને અમેરિકામાં બનેલી કાર્સ પરના ટેરિફમાં ૨.૫ ટકાનો સુધીનો ઘટાડો કરી દીધો છે. ભારત પણ તેના ટેરિફમાં નોંધપાત્ર ઘટાડો કરવાનું છે તેવું મેં સાંભળ્યું છે. કોઈએ પહેલાં કેમ આવું કર્યું નહીં. ટ્રમ્પને સવાલ કરવામાં આવ્યો કે તેમના ટેરિફ લાગુ થવાથી અન્ય દેશો ચીન તરફ નહીં જાય. જવાબમાં ટ્રમ્પે કહ્યું કે એવું નહીં થાય. તેના બદલે બધા દેશ ટેક્સ અંગે સારી નીતિ બનાવી શકશે. અત્યારે આ પોલિસીમાં સમાનતા નથી. જોકે, આ કેવી રીતે થશે તે અંગે ડોનાલ્ડ ટ્રમ્પ કશું કહી શક્યા નહીં.

આંતરરાષ્ટ્રીય બ્રોકરેજ હાઉસ જેફરીઝના મતે, એક શક્યતા એ છે કે અમેરિકામાંથી સંરક્ષણ અને તેલ/ગેસની આયાતનો ઉપયોગ અસર ઘટાડવા માટે થઈ શકે છે પરંતુ ઓટો, ફાર્મા, કાપડ, દારૂ પર તેની કેટલીક પ્રતિકૂળ અસર થઈ શકે છે. તેમનું માનવું છે કે ''ભારતમાં કૃષિ આયાત જકાત ઘટાડવાનો દબાણ રાજકીય રીતે લાદવામાં આવી શકે છે, જ્યારે પસંદગીની ગ્રાહક કંપનીઓને ફાયદો થઈ શકે છે.''

હવસખોરો અટકતા જ નથી, લેભાગુઓની જાળથી બચવા માટે સતત ચેતતા રહોઃ વધુ બે ચોંકાવનારી ઘટના

# વિદ્યાર્થીનીનો કુટુંબી ઢગાએ દેહ પીંખી ગર્ભવતી બનાવી દીધી

## બાળાએ મૃત બાળકને જન્મ આપતાં ભાંડો ફુટ્યોઃ વાત પોલીસ સુધી પહોંચતા આરોપીએ ટ્રેન હેઠળ પડતું મુકવા પ્રયાસ કર્યોઃ બીજી ઘટનામાં લવ સેક્સ ધોખા જેવુ થયું-અગિયાર વર્ષ સુધી પ્રેમનું નાટક કરી દેહ પીંખી છેલ્લે લગ્નની ના કહી દીધી



રાજકોટઃ સગીરાઓ, યુવતિઓ અને પરણેલી મહિલાઓને મિત્રતા તથા પ્રેમના નામે ફસાવી દૂષ્કર્મ આચરવાની અને બાદમાં તરછોડી દેવાની ઘટનાઓ રોજીંદી થઇ ચુકી છે. આવા બનાવો રોજબરોજ કોઈને કોઇ ગામ કે શહેરના પોલીસ સ્ટેશનમાં નોંધાતા રહે છે. આવી ઘટનાઓ પરથી ધડો લેવાને બદલે ફરીથી ભુલ કરવામાં આવે છે અને બાળાઓ, સગીરાઓ, યુવતિઓ લેભાગુઓની જાળમાં ફસાઇને સર્વસ્વ ગુમાવી બેસે છે. વધુ આવા બે ચોંકાવનારા બનાવ સામે આવ્યા છે. જેમાં એક વિદ્યાર્થીનીને હવસખોરીનો શિકાર બનાવી ગર્ભવતી બનાવી દેવાઇ હતી. ધોરણ દસમાં ભણતી આ બાળાએ મૃત બાળકને જન્મ આપતાં દૂષ્કર્મની ઘટના સામે આવી હતી. પછી આરોપીએ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. બીજી ઘટનામાં એક યુવતિએ એક શખ્સે પ્રેમના નામે વર્ષો સુધી પોતાની જાળમાં ફસાવી રાખી હતી અને વારંવાર દેહ પીંખ્યો હતો. પછી યુવતિએ લગ્નનું કહેતાં આ કહેવાતા પ્રેમીએ ના પાડી દીધી હતી. અંતે વાત પોલીસ સુધી પહોંચી હતી.

પ્રથમ ઘટનાની વિગતો પર નજર કરીએ તો આ બનાવ જામનગર પંથકમાં બન્યો છે. અહિના એક ગામમાં રહેતી અને ધોરણ દસમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિની પર તેના પરિવાર શખસે દુષ્કર્મ આચર્યું હતું. સગીરા ગર્ભવતી બનતા આ મામલો સામે આવ્યો હતો. જે બાદ સગીરાની માતાએ આરોપી સામે બેડી મરીન પોલીસ મથકમાં દુષ્કર્મ અંગેનો ગુનો નોંધાવ્યો હતો. આ ફરિયાદ નોંધાવ્યા બાદ આરોપીએ ટ્રેન નીચે પડતું મૂકી આપઘાતનો પ્રયાસ કરતા ઈજાગ્રસ્ત થયો હતો. જેથી તેને સારવાર માટે દાખલ કરવામાં આવ્યો હતો. પોલીસ સુત્રોએ જણાવ્યા મુજબ જામનગર તાલુકાના ગામમાં રહેતી પંદર વર્ષીય સગીરા પર પોતાનાં જ કુટુંબી એવા પચ્ચીસ વર્ષીય શખ્સે હવસખોરી આચરી હતી. આને કારણે સગીરા ગર્ભવતી બની ગઈ હતી. જ્યારે સગીરાને પ્રસુતિની પીડા ઉપડી હતી અને જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.

અહિ તબીબોએ સગીરાને ગર્ભવતી જાહેર કરી હતી, એટલું જ માત્ર નહીં, તેણીએ મૃત બાળકને જન્મ આપ્યો હતો. આને કારણે પરિવારજનો ચોંકી ગયા હતાં. બાળાની પૃછા કરતાં તેણીએ સમગ્ર હકિકત જણાવતાં બેડી મરીન પોલીસ સ્ટેશનમાં ભોગ બનનાર સગીરાની માતાએ પાડોશમાં જ રહેતા અને નજીકના કુટુંબી એવા પચ્ચીસવર્ષના શખસ સામે દુષ્કર્મ અંગેની ફરિયાદ નોંધાવી હતી. જે અંગે બેડી મરીન પોલીસ મથકમાં આરોપી સામે પોક્સો સહિતની અલગ અલગ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસની ટીમ આરોપીને શોધી રહી હતી. આ દરમિયાન આરોપી જામનગર નજીક જામ વણથલી રેલવે સ્ટેશને પહોંચી ગયો હતો. જ્યાં તેણે ટ્રેન હેઠળ પડતું મૂકી દઈ આપઘાતનો પ્રયાસ કરતાં પોતે ગંભીર ઈજાગ્રસ્ત થયો હતો. તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. આ બનાવે ભારે ચકચાર જગાવી દીધી હતી.

બીજી ઘટના જોઈએ તો અમદાવાદના એક યુવાન મહારાષ્ટ્રની વતની અને કોલેજમાં અભ્યાસ કરતી યુવતીને અમદાવાદના વેપારી સાથે અગિયાર વર્ષથી પ્રેમ સંબંધ હતો. વેપારીએ લગ્ન કરવાની લાલચ આપીને યુવતી સાથે અનેકવાર દુષ્કર્મ આચર્યુ હતું તાજેતરમાં લગ્ન કરવાની વાત કરતાં યુવતી વિમાનમાં અમદાવાદ આવી હતી અને ત્રણ દિવસ હોટલમાં રોકાઇ હતી જ્યાં વારંવાર શારિરીક સંબંધ બાદ્યો હતો. જો કે યુવતીના પ્રેમ પ્રકરણની પિતાને જાણ થતા વેપારીને લગ્ન કરવાની ના પાડી દીધી હતી. આ અંગે બનાવ અંગે રામોલ પોલીસ ગુનો નોંધીને આરોપીની ધરપકડ કરીને વધુ તપાસ હાથ ધરી છે. વધુ માહિતી જોઈએ તો લવ સેક્સ ધોખા જેવી આ ઘટનામાં મહારાષ્ટ્રમાં રહેતી અને કોલેજમાં અભ્યાસ કરતી ચોવીસ વર્ષની યુવતીએ રામોલ પોલીસ સ્ટેશનમાં ઓઢવમાં રહેતા યુવક સામે ફરિયાદ નોંધાવી છે કે જેમાં ૧૧ વર્ષ પહેલા તે માતા-પિતા સાથે ઓઢવમાં રહેતી હતી તે સમયે સિલાઇકામની દુકાનમાં કામ કરતી બહેનપણી સાથે તે આવતી જતી હોવાથી દુકાનના માલિક વિજય સાથે તેને પરિચય થયો હતો. ત્યારબાદં બંને વચ્ચે પ્રેમ સંબંધ બંધાતા વેપારીએ યુવતીને હું તારી સાથે લગ્ન કરીશ કહીને અનેકવાર હોટલમાં લઈ જઈને દુષ્કર્મ આચર્યુ હતું. ત્યારબાદ યુવતી તેના માતા-પિતા સાથે વતનમાં રહેવા ગઇ હતી જ્યારે યુવતીએ લગ્ન કરવાનું કહેતા યુવક અવનવા બહાના કાઢતો હતો બીજી તરફ તા. ૨૨ માર્ચે આરોપીએ ફ્લાઇટની ટિકિટ બુક કરાવીને યુવતીને બોલાવી હતી.

ત્યારબાદ ત્રણ દિવસ રોકાવા હોટલ બુક કરી હતી ત્યાં વેપારીએ અવાર નવાર દુષ્કર્મ આચર્યું હતું. જે બાદ યુવતી પરત જતી રહી હતી તે સમયે પિતાએ પીજીમાં તપાસ કરતાં ભાંડો ફૂટયો હતો અને તેના પ્રેમ સંબંધની જાણ થઇ હતી. જેથી યુવતીએ લગ્ન માટે કહેતા તેને ના પાડી દીધી હતી. અંતે તેણીએ પોલીસને જાણ કરી દગાખોર પ્રેમી સામે દૂષ્કર્મની ફરિયાદ દાખલ કરાવી હતી. ફ્રેન્ડશીપ, લવના નામે ખેલ ખેલનારાઓથી ચેતતા રહેવુ ખુબ જરૂરી છે.

'આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષ-૨૦૨૫'

# સહકારી સંસ્થાઓના યોગદાન અંગે જાગૃતિ કેળવવાનો સરકારનો હેતુ

## સંયુક્ત રાષ્ટ્ર સમર્થિત આ પહેલમાં કેન્દ્ર અને ગુજરાત સરકાર પણ સહભાગી

રાજકોટ, તા. ૨

યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીએ વર્ષ ૨૦૨૫ને ''આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષ'' તરીકે ઉજવવાનું જાહેર કર્યું છે. જે અંતર્ગત આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષની ઉજવણી માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે, જેમાં સામાજિક-આર્થિક વિકાસમાં સહકારી સંસ્થાઓના યોગદાનને પ્રકાશિત કરવા માટે તમામ સભ્ય દેશો, સંયુક્ત રાષ્ટ્રો અને સંબંધિત હિતધારકોને પ્રોત્સાહિત કરવામાં આવશે.

સહકારી સંસ્થાઓની ''૨૦30 એજન્ડા ફોર સસ્ટેનેબલ ડેવલપમેન્ટ''ને હાંસલ કરવામાં મહત્વની ભૂમિકાને સંયુક્ત રાષ્ટ્રો દ્વારા સ્વીકારવામાં આવી છે. આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષ-૨૦૨૫ યુ.એન. સમર્થિત પહેલ છે, જેનો ઉદ્દેશ્ય આર્થિક વિકાસ, સામાજિક સમાવેશ અને પર્યાવરણીય સ્થિરતામાં સહકારી સંસ્થાઓના યોગદાન અંગે જાગૃતિ લાવવાનો છે. આ ઉપરાંત સામૂહિક જવાબદારી, લોકશાહી નિર્ણય પ્રક્રિયા અને સમુદાયિક સશક્તિકરણને પ્રોત્સાહન આપવાની સાથે સાથે ગરીબી, અસમાનતા અને જળવાયુ પરિવર્તન જેવા વૈશ્વિક પડકારોને સંબોધવા માટે એક શક્તિશાળી સાધન તરીકે સહકારી મોડલ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે.

આમ, સહકારી સંસ્થાઓ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સને હાંસલ કરવામાં તેમજ સામાજિક આર્થિક વિકાસમાં તેમનું મહત્વનું યોગદાન આપી શકે છે. જેથી કેન્દ્ર સરકાર દ્વારા આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષ-૨૦૨૫ની ઉજવણી તથા પ્રસિદ્ધિ ગ્રામીણ, તાલુકા, જિલ્લા તથા રાજ્ય કક્ષાએ થાય તે માટે વિવિધ કમિટીની રચના કરી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેની રાજ્ય સરકાર દ્વારા પણ ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી રહી છે.

ગુજરાત રાજ્ય સહકારી કાઉન્સીલની મળેલ બેઠકમાં પણ આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષ-૨૦૨૫ની ઉજવણી અંગે ચર્ચાઓ કરવામાં આવી હતી. જે અંતર્ગત જુદા-જુદા કાર્યક્રમો યોજવા માટે રાજ્ય સરકાર પાસે પ્રાયોજીત ભંડોળ ઉપલબ્ધ છે તેમજ અલગથી ફંડ પણ ફાળવવામાં આવ્યું છે.

2025
International Year of Cooperatives

અત્રે ઉલ્લેખનીય છે કે, સહકારી સંસ્થાઓ પણ સંયુક્ત રાષ્ટ્રના આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષ-૨૦૨૫ના વિઝનને જમીની સ્તર ઉપર ઉતારવામાં મહત્વની ભૂમિકા ભજવવા માંગતી હોય અને લોકભાગીદારીથી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવા માંગતી હોય તેવા કિસ્સામાં સરકારની પૂર્વ મંજૂરી મેળવવામાં સમય વ્યતિત ન થાય અને વિવિધ પ્રવૃત્તિની ઉજવણીમાં અવરોધ ન રહે તેવા શુભ હેતુથી રાજ્ય સરકાર દ્વારા ગુજરાત સહકારી મંડળી અધિનિયમ હેઠળ સહકારી સંસ્થાઓ તેમની પાસે રહેલા અનામત ફંડના ૨૦ ટકા સુધી નાણા આ કાર્યક્રમના ફંડ હેઠળ જમા કરવાવા મંજૂરી આપવામાં આવી છે.

રાજ્ય સરકાર દ્વારા સહકારી સંસ્થાઓને પૂર્વ મંજૂરી મેળવવા ન આવવું પડે તેવા શુભ હેતુથી આ નિર્ણય કરવામાં આવ્યો છે તેમજ સહકારી સંસ્થાઓને ફરજિયાત આ ફંડ આપવાનું રહેતુ નથી, એમ રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગાંધીનગરની યાદીમાં જણાવ્યું છે.

# સ્વચ્છ ભારત મિશનના ૧૦૫૬ કામોના ખર્ચને મળી બહાલી

## રાજકોટ જિલ્લા વિકાસ એજન્સીની ગવર્નરિંગ બોડી કારોબારી સમિતિની યોજાઇ બેઠક



રાજકોટ, તા. ૨.

જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદના અધ્યક્ષસ્થાને જિલ્લા પંચાયત કચેરી ખાતે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની ગવર્નીંગ બોડી, કારોબારી સમિતિ અને સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ)ની સુખાકારી સમિતિની બેઠક યોજાઇ હતી. જેમા સ્વચ્છ ભારત મિશનના ૧૦૫૬ કામો સહિત જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી સંચાલિત જન કલ્યાણ લક્ષી વિવિધ યોજનાઓની કામગીરીની ભૌતિક અને નાણાંકીય સમીક્ષા કરી બહાલી આપવામા આવી હતી.

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક એ.કે.વસ્તાણી સહિત અધિકારીશ્રીઓએ પ્રધાનમંત્રી આવાસ યોજના, મનરેગા, સ્વચ્છ ભારત મિશન અને પ્રગતિ હેઠળના કામો વિષે થયેલ કામ, પ્રગતિ હેઠળના કામો અંગે જાણકારી મેળવી હતી. વર્ષ ૨૦૨૪-૨૫ મા રાજકોટ જિલ્લામા ૭૨૧૩ કુટુંબોને મનરેગા યોજના હેઠળ ૩.૨૬ લાખ માનવદિનની રોજગારી આપવામા આવી હતી. ત્યારે વર્ષ ૨૦૨૫-૨૬ મા પણ મનરેગા સહિતના કામોમા લક્ષ્યાંકો હાસલ કરી જિલ્લામાં લાભાર્થીઓને યોજનાઓનો લાભ મળે તે દિશામાં વધુ કાર્યરત રહેવા જિલ્લા વિકાસ અધિકારીએ અધિકારીઓને સૂચન કર્યું હતું.આ તકે નાયબ જિલ્લા વિકાસ અધિકારી ઈલાબેન ચૌહાણ, સહિત સમિતિના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# નીલકંઠ ઢોસા પર આરોગ્ય વિભાગના દરોડા

## તપાસ કરતા સ્થળ પર સંગ્રહ કરેલ વાસી સંભાર તથા મંચુરિયનનો કુલ ૩૩ કિલો અખાદ્ય જથ્થો સ્થળ પર કરાયો નાશ

### ચકાસણી કરેલ ધંધાર્થીઓની યાદી

(૦૧)યશ ઘૂઘરા -લાઇસન્સ મેળવવા બાબતે સૂચના મેળવવા બાબતે સૂચના આપવામાં આવી. ત્યાર બાદ (૦૨)પટેલ ઘૂઘરા (૦૩) માં આશાપુરા દાબેલી (૦૪)જય અંબે વડાપાવ (૦૫)મહાકાળી પાણિપુરી (૦૬) જય અંબે ઘૂઘરા (૦૭) જય ભોલેનાથ પાણિપુરી (૦૮)જય ભગીરથ કચ્છી દાબેલી (૦૯)ખોડિયાર ચાઇનીઝ પંજાબી (૧૦) ચામુંડા સ્ટીમ ઢોકળા (૧૧) ભગવતી ચાઇનીઝ પંજાબી (૧૨)કુળદેવી ચાઇનીઝ (૧૩)બોમ્બે વડાપાવ (૧૪)દિલખુશ પાણિપુરી (૧૫)ગણેશ વડાપાવ(૧૬)રાજસ્થાન ભેળ પાણિપુરી (૧૭)પ્રિન્સ બદામ શેક (૧૮) લક્ષ્મી પાણિપુરી (૧૯)પટેલ વડાપાવ ની ચકાસણી કરવામાં આવેલ.

રાજકોટ, તા. ૨

રાજકોટ મહાનગરપાલિકાના સર્વેલન્સ ચેકિંગ દરમિયાન જાનકી એવન્યુ, શિવ દ્રષ્ટિ પાર્ક, મવડી ૮૦ ફૂટ રોડ, રાજકોટ મુકામે આવેલ ''નીલકંઠ ઢોસા'' પેઢીની તપાસ કરતા સ્થળ પર સંગ્રહ કરેલ વાસી સંભાર તથા મંચુરિયન નો કુલ મળી અંદાજીત ૩૩ કિ.ગ્રા. અખાદ્ય જથ્થો સ્થળ પર નાશ કરવામાં આવેલ. તેમજ પેઢીને હાઈજીનિક કન્ડિશન જાળવવા, યોગ્ય સ્ટોરેજ જાળવવા બાબતે નોટીસ આપવામાં આવેલ. સર્વેલન્સ ચેકિંગ દરમિયાન ન્યુ અંબિકા પાર્ક, સાધુ વાસવાણી રોડ, રાજકોટ મુકામે આવેલ '' આસ્થા એન્ટરપ્રાઇઝ'' પેઢીની તપાસ કરતા સ્થળ પર સંગ્રહ કરેલ વાસી પનીર મળી આવતા અંદાજીત ૨૮ કિ.ગ્રા. અખાદ્ય પનીરનો જથ્થો સ્થળ પર નાશ કરવામાં આવેલ. તેમજ પેઢીને હાઈજીનિક કન્ડિશન જાળવવા, યોગ્ય સ્ટોરેજ જાળવવા બાબતે નોટીસ આપવામાં આવેલ.ફૂડ વિભાગની ટીમ તથા FSW વાન સાથે શહેરના મોરબી રોડ હોકર્સ ઝોનમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૧૯ ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવેલ. જેમાં ૧ ધંધાર્થિઓને લાઇસન્સ બાબતે સૂચના આપવામાં આવેલ. તેમજ ખાદ્ય ચીજોના કુલ ૨૦ નમૂનાની સ્થળ પર ચકાસણી કરેલ.



શૈતાનીયત પણ શરમાઇ જાય તેવા કિસ્સા વારંવાર બનતા હોય છેઃ એક ખળભળાટ મચાવતો કિસ્સો બન્યો

# માસુમ દિકરીઓને ચાળા કરતાં બાપની ગળુ દબાવી હત્યા

## પતિની કરતુતો જોઇ જતાં પત્નિને જ મોતને ઘાટ ઉતારી પછી ગળામાં ચુંદડી વીંટાળી તેણે આપઘાત કર્યો એવી સ્ટોરી ઘડીઃ પણ હકિકત અંતે ખુલી ગઇઃ પત્નિની થઇ ધરપકડ



## અન્ય ઘટનામાં છાત્રાનો પીછો કરી હેરાન પરેશાન પજવણી કરતાં સાબીર નામના ઢગાને પોલીસે કર્યો સીધોદોર

રાજકોટઃ શૈતાનીયતને પણ શરમાવે એવા કિસ્સા બનતા રહે છે. સગો બાપ દિકરી પર નજર બગાડી દેહ પીંખી નાંખતો હોવાની ઘટનાઓ રાજ્યભમાં છેલ્લા એક વર્ષમાં અનેક વખત સામે આવી છે. જેમાં કેટલાક તો હજુ પણ જેલની હવા ખાઈ રહ્યા છે. વિકૃતી મગજ પર સવાર થઈ જાય પછી માણસ શૈતાન બની જાય છે અને એવા કૃત્યને અંજામ આપે છે જે સૌને ખળભળાવી જાય છે. આવી વધુ એક ઘટના સામે આવી છે. પરંતુ અહિ તો હવસખોરને ખુદ તેની જ પત્નિએ મોતને ઘાટ ઉતારી દીધો હતો. એક શૈતાને પોતાની માસુમ દિકરીઓને અડપલા કરવાનું ચાલુ કરતાં તેની પત્નિને જાણ થઈ જતાં તેણે ગળુ દબાવી પતિને પરલોક પહોંચાડી દીધો હતો. આ ઘટનાએ એક તરફ હવસખોરોનો અંજામ આવો જ હોવો જોઈએ તેવી ચર્ચા કરતાં લોકોને કરી દીધા છે તો બીજી તરફ કાયદો કાયદાનું કામ કરે તેવી વાતો પણ થઈ રહી છે.

આ ચકચાર જગાવતી ઘટનાની વિગતો પર નજર કરીએ તો આ બનાવ વડોદરા નજીક આવેલા વેમાલી પંથકમાં બન્યો છે. પતિ પોતાની સગી પુત્રીઓ સાથે રાત્રિના સમયે અડપલાં કરીને પરેશાન કરતો હોવાથી ઉશ્કેરાયેલી પત્નિએ પતિનું ગળું દબાવી કરપીણ હત્યા કરી નાંખી હતી. પોલીસ સુત્રોએ જણાવેલી વિગતો અનુસાર વેમાલી પંથકમાં રહેતી પરિણીતાએ ગામમાં રહેતા યુવાન સાથે પંદર વર્ષ પહેલાં પ્રેમ લગ્ન કર્યા હતાં. લગ્ન બાદ બંનેને સંતાનમાં ત્રણ પુત્રી અને એક પુત્ર છે. સાંજે પરિણીતા અન્ય ઘરોમાં ઘરકામ કરીને પરત ઘેર આવી જ્યારે પતિએ ઝઘડો શરૂ કર્યો હતો અને ઉગ્ર બનીને અપશબ્દો બોલતો હતો. પતિ અગાઉ ઘરમાં રાત્રિના સમયે ઘી ગયેલી બે પુત્રીઓને પરેશાન કરી તેની સાથે અડપલાં કરતો હોવાથી તેનો ગુસ્સો હતો જેના પગલે પત્નિએ ઓઢણીથી પતિને ગળા ફાંસો આપીને હત્યા કરી હતી.

આ બનાવની જાણ થતાં મંજુસર પોલીસે ઘટનાસ્થળે પહોંચી જઈને તપાસ હાથ ધરી હતી. પોલીસે જણાવ્યું હતું કે પતિની હત્યા બાદ પત્નિએ તેને નણંદને ફોન કરી જણાવેલ કે હું સાંજે ઘેર પરત ફરી ત્યારે પતિ ઘેર ઓઢણીથી ગળા ફાંસો ખાધેલી હાલતમાં મળ્યો હતો જેથી મેં આજુબાજુના લોકોને ભેગા કર્યા બાદ પતિને દવાખાનામાં લઈ ગઇ હતી.

પતિની હત્યાને આત્મહત્યામાં ખપાવવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ બીજા દિવસે તેણે નણંદને સમગ્ર હકીકત જણાવતા આખરે પોલીસે પત્નિ સામે ગુનો દાખલ કરી તેની ધરપકડ કરી હતી.

બીજી એક ઘટનામાં સુરતના ડિંડોલી વિસ્તારમાં પંદર વર્ષની સગીરાનો પીછો કરીને છેડછાડ કરનાર મોહમ્મદ સાબીર નફીસ કુરેશીની ડિંડોલી પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. આરોપી છેલ્લા કેટલાક સમયથી સગીરાનો સ્કૂલે જતા પીછો કરી તેને વાત કરવા દબાણ કરી રહ્યો હતો. આ આરોપી અગાઉ પણ સગીરાનો પીછો કરીને પરેશાન કરતો હતો. તે સમયે સગીરાના માતા-પિતાએ તેની પરિવારને જાણ કરતા મકાન માલિકે સાબીરના પરિવારને મકાન ખાલી કરાવ્યું હતું. છતાં પણ તે નહીં સુધરતા, હાલ નવાગામ-ડિંડોલી હરિહરનગરમાં રહેતા સાબીરે ફરી સગીરાને પરેશાન કરવા શરૂ કર્યું.

વધુ માહિતી અનુસાર સાબીરે છેલ્લા ત્રણ-ચાર દિવસથી સ્કૂલે જતા સગીરાનો પીછો કરીને વાત કરવા દબાણ કરતો હતો. એટલું જ નહીં સોસાયટીમાં પણ ગેરકાયદેસર રીતે ભટકતો હતો, જેના કારણે સગીરાની માતાએ ડિંડોલી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ બાદ ડિંડોલી પોલીસે તરત જ કાર્યવાહી હાથ ધરી અને મોહમ્મદ સાબીર નફીસ કુરેશીને ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. આ કેસની વધુ તપાસ પીએસઆઈ એસ.એચ. મિસ્ત્રી કરી રહ્યા છે. આમ એક તરફ દિકરીઓને ચાળા કરનારા બાપની હત્યા થઈ ગઇ હતી તો બીજી તરફ એક છાત્રોનો પીછો કરનારાને પોલીસે બરાબરનો પોંખ્યો હતો.

હું ટેલિકોમ વિભાગ દિલ્હીથી વાત કરુ છું, તમારા મોબાઈલ નંબરની ફરિયાદ છે, અમે નંબર બંધ કરશું, બંધ ન કરવો હોય તો ક્રાઈમ બ્રાંચ પાસેથી એનઓસી મેળવવું પડશે કહી-ફસાવ્યા

# નકલી IPS સુનિલકુમારે એવા ડરાવ્યા કે વૃધ્ધે એક કરોડ દઇ દીધા!

## પોણા સાત કરોડના મની લોન્ડ્રીંગમાં તમે સામેલ છો કહી નિવૃત બેંક મેનેજરને ડિજીટલ એરેસ્ટ કરી તેમના અને પત્નિના કુલ બત્રીસ બેંક ખાતાઓમાંથી ગઠીયાઓએ રૂપિયા સફાચટ કરાવી નાંખ્યા

રાજકોટઃ ઓનલાઈન ફ્રોડ કરતાં ગઠીયાઓ સામે જાગૃત થવા પોલીસ મોબાઈલ કોલીંગ ઓડીયો ક્લીપ, અખબારો, ટીવી ચેનલો, સોશિયલ મિડીયામાં જાહેરખબરો આપીને લોકોને જાગૃત કરવા પ્રયત્ન કરી રહી છે. આ વચ્ચે પણ લોકો ડિજીટલ એરેસ્ટ ફ્રોડનો ભોગ બની લાખો કરોડો ગુમાવી રહ્યા છે. વધુ એક વખત ગઠીયાઓએ આ તુક્કાનો ઉપયોગ કરી ફ્રોડમાં સફળતા મેળવી છે. એક નિવૃત બેંક મેનેજરને ડિજીટલ એરેસ્ટ કરી તેમની જીવનભરની બચત સમાન એક કરોડની રકમ પડાવી લીધી છે. પહેલા ટેલીકોમ અધિકારીના નામે અને બાદમાં પોલીસ અધિકારીના નામે ફોન કરી વૃદ્ધને ડરાવી તમે છ કરોડ નેવ્યાસી લાખના મની લોન્ડરીંગમાં સામેલ છો કહી ધમકાવીને તેમને શિકાર બનાવી લેવાયા હતાં.



વિગતો પર નજર કરીએ તો ડિઝીટલ એરેસ્ટનો મોટેભાગે સીનીયર સિટીઝનો શિકાર બની રહયા છે. આવો જ વધુ કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. સુરતના ઘોડદોડ રોડ પર રહેતા સિનીયર સિટીઝનને ઠગ ટોળકીએ ડિઝીટલ એરેસ્ટનો શિકાર બનાવી એક કરોડથી વધુની રકમ પડાવી છે. શિકાર બનેલા સિનીયર સિટીઝન બેંક ઓફ બરોડામાં સિનીયર મેનેજર હતા અને હાલમાં નિવૃત જીવન ગાળે છે. વૃદ્ધ મેનેજરે જીવનભરની ભેગી કરેલી કરોડોની આ રકમ હતી. સાયબર ક્રાઈમે સડસઠ વર્ષીય નિવૃત સિનીયર મેનેજરની ફરિયાદ લીધી છે. જેના આધારે પોલીસે ગુનો નોંધી ઠગ ટોળકીના સાગરિતોને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. એક સવારે સિનીયર મેનેજર પર કોલ આવ્યો હતો. કોલ કરનારે કહ્યું કે હું ટેલિકોમ ડિપાર્ટમેન્ટ હેડ ઓફિસ દિલ્હીથી રાહુલ શર્મા વાત કરૂ છું અને તમારા આ મોબાઈલ નંબર ઉપર ફરિયાદ થયેલી છે. જેથી તમારો મોબાઈલ નંબર અમે બંધ કરી દઈશું, એમ કહી મોબાઈલ નંબર ઉપર ફરિયાદ નંબર અને લોકેશન નવી દિલ્હી છે એવી માહિતી આપી હતી. આથી નિવૃત સિનીયર મેનેજરે તેને કહ્યું કે અમારો મોબાઈલ નંબર બંધ થશે તો અમને ઘણી તકલીફ પડશે.

આ પછી ઠગ ટોળકીએ મોબાઈલ નંબર બંધ ન થવા દેવો હોય તો ક્રાઈમબ્રાંચ દિલ્હી પોલીસ પાસે એનઓસી મેળવવું પડશે, એમ કહી ઠગે દિલ્હી પોલીસને કોન્ફરન્સમાં લઈ વાત કરાવી હતી. જેમાં ઠગે કહ્યું કે હું દિલ્હી ક્રાઈમ બ્રાંચમાંથી સિનીયર ઓફિસર પ્રધાન રાજેશ વાત કરૂ છું, તમારા ઉપર મની લોન્ડરીંગનો રૂ.૬.૮૯ કરોડનો કેસ છે, જેની તપાસ આઈપીએસ સુનિલકુમાર ગૌતમ કરે છે. હું તેઓની સાથે તમારી વાત કરાવું, થોડીવાર પછી વૃદ્ધને વોટસએપ પર વીડિયો કોલ કરાવી વાત કરાવી જેમાં સામે યુનિફોર્મમાં પોલીસમાં હતી. સામેવાળાએ વૃદ્ધને કહ્યું કે હું આઈપીએસ સુનિલકુમાર ગૌતમ છું. તમારી ઉપર મનીલોન્ડરીંગનો કેસ થયેલ છે, જેથી તમને કસ્ટડીમાં લેવા પડશે, જો કે તમે સિનિયર સિટીઝન છો. જેથી તમને ડિજિટલી કસ્ટડીમાં લેવામાં આવે છે. દિલ્હી ક્રાઈમ બ્રાંચ અને સીબીઆઈના નામે ધરપકડ કરવાની ધમકી આપી વૃદ્ધ પાસેથી ઠગ ટોળકીએ ટુકડે ટુકડે કરી એક કરોડ પાંચ લાખની રકમ પડાવી હતી. ઉલ્લેખનીય છે કે, પોલીસ કોઈપણ દિવસ ડિજિટલ એરેસ્ટ કરતી નથી. લોકોને આ નિયમો ખબર નથી એટલે તેઓ ઠગ ટોળકીના શિકાર બને છે.

આ કિસ્સામાં વૃદ્ધએ પોતાની અને પત્નિના નામે બત્રીસ બેંક ખાતાઓ અને બેલેન્સ સહિતની વિગતો નકલી સીબીઆઈના ઓફિસરને આપી દીધી હતી. આ રકમ બધા ખાતામાંથી આરબીઆઈ બેંકના સેફ કસ્ટડીના ખાતામાં ટ્રાન્સફર કરવાની રહેશે. જેની તપાસ કરી કેસમાં ઈન્વોલ્વમેન્ટ નહિ હોય તો તમને સુપ્રિમ કોર્ટના જજ દ્વારા કલીનચીટ આપી આરબીઆઈ દ્વારા ૪૮ કલાકમાં તમારી બધી જ રકમ પરત મળી જશે.

ટોળકીએ આરબીઆઈના ચીફ જનરલ મેનેજરની ખોટી સહી અને સિક્કા વાળી બનાવટી ફાઈનાન્સિયલ ટ્રાન્જેકશન કમિટિ ઓર્ડર મોકલ્યો હતો. ઠગ ટોળકીએ વૃદ્ધની તમામ રકમ એક જ ખાતામાં નખાવી હતી. બાદમાં તે રકમ ટુકડે ટુકડે કરી ૧.૦૫ કરોડની રકમ વૃદ્ધ પાસેથી પડાવી લીધી હતી. ઘરમાંથી કયાંય પણ બહાર જવાનું હોય તો પરમિશન લઈ જવાનું રહેશે વૃદ્ધને ઠગે કહ્યું કે તમારે એક કલાક સુધી મેસેજ કરતા રહેવાનું રહેશે, ઘરમાંથી ક્યાંય પણ બહાર જવાનું હોય તો પરમિશન લઈ જવાનું રહેશે. આ બનાવ બાબતે કોઈને વાત કરી શકાશે નહિ.

આ ઉપરાંત વૃદ્ધને તેનું નામ, આધારકાર્ડ અને મોબાઈલ નંબર માંગ્યો હતો.પછી ઠગએ વોટસએપ પાસબુક મોકલી વેરીફાઈ કરી લેવાની વાત કરી હતી. વૃદ્ધ પાસે ડોકયુમેન્ટોની માંગણી કરી ૧૨મી જાન્યુઆરી–૨૫ આઈપીએસ સુનિલનો વિડીયો કોલ આવ્યો હતો.


જો કે તેમાં ચહેરો દેખાતો ન હતો. સુનિલે પછી અન્ય એક શખ્સ સાથે વાત કરાવી હતી. જે પોતાની ઓળખ સીબીઆઈના ઓફિસર પ્રદીપસિંહ તરીકે આપી હતી. તેણે મની લોન્ડરીંગ સહિતની વાતો કરી આ કેસમાં આઈસીઆઈસી બેંકના મેનેજરની ધરપકડની વાત કરી તેનો ફોટો મોકલ્યો હતો. ધરપકડ કરાયેલા મેનેજરનું નામ સંદીપકુમાર આપ્યું હતું. આ બધા નાટકમાં વૃદ્ધ બેંક મેનેજર આબાદ ફસાઈ ગયા હતાં કહો કે ડરી ગયા હતાં અને પોતાની મરણમુડી ગુમાવી દીધી હતી.



રાજકોટ મિરર તંત્રીની કલમે

# ટીચર-ફટીચર !

## રોબોટ ટીચર પ્રયોગ : ટેકનોલોજી શ્રેષ્ઠ, પણ સર્વોત્તમ નથી



વિશ્વમાં સૌથી વધુ ગતિથી વિસ્તરતુ ક્ષેત્ર ટેકનોલોજી છે. ટેકનોલોજી સાથે દોટ મુકવાની સ્પર્ધા દરેક ક્ષેત્રે ચાલે છે. માનવજાત માટે ટેકનોલોજી આશીર્વાદરૂપ ભલે ગણાય, પણ પર્યાપ્ત નથી. સમાચારો પ્રમાણે રાજકોટની એક સ્કૂલમાં રોબોટ ટીચર દ્વારા શિક્ષણ કાર્ય કરવાનો પ્રયોગ થયો છે. આધુનિકતાના પ્રયાસો થવા જ જોઈએ, પરંતુ તેને જ શ્રેષ્ઠતમ માની લેવું ભૂલ ભરેલું ગણાય.

કલાસરૂમમાં રોબોટ ટીચર ભણાવે તે આપણી પ્રથમ ઘટના હોવાના નાતે આધુનિક ગણાય, પણ રોબોટ સિસ્ટમ ટેકનોલોજીની દ્રષ્ટિએ જૂની થઈ ગઈ છે. ૧૯૫૦ ની સાલથી ઔદ્યોગિક ક્ષેત્રે રોબોટનો ઉપયોગ થાય છે. ભારતમાં પણ ઈ.સ.૨૦૨૦ના અંતથી રોબોટનો ઉપયોગ થવા લાગ્યો છે. આ દ્રષ્ટિએ રોબોટ નવી ટેકનોલોજી નથી. રોબોટ ટીચર એઆઈના માધ્યમથી કામ કરે છે, પણ આશ્ચર્યજનક તો નથી જ.


શૈક્ષણિક ક્ષેત્રે રાજકોટમાં તીવ્ર સ્પર્ધા છે, અને કંઈક નવું આપીએ છીએ, તેવા ભાવથી ક્લાસરૂમમાં રોબોટ આવ્યો હોય તેમ સમજાય છે. સ્કૂલના બ્રાન્ડિંગ માટે આ શ્રેષ્ઠ પ્રયોગ ગણાય.

એઆઈ ઈન્ટેલિજન્ટ આર્ટિફિશિયલનો પ્રયોગ દરેક ક્ષેત્રમાં થવા લાગ્યો છે. અમુક હદ સુધી એઆઈ ખૂબ ઉપયોગી છે. એઆઈ ટીચર તરીકે માહિતી આપે, થોડી સર્જનાત્મક પણ દેખાડે, પરંતુ ટીચરનો મુખ્ય ધ્યેય પાર પાડવામાં રોબોટ ટીચર સફળ ન થઈ શકે. ટીચરનો મુખ્ય ધ્યેય છાત્રોનું ઘડતર કરવાનો છે. આ ધ્યેય માનવ ટીચર પણ ચૂકી રહ્યા છે. માત્ર ડિગ્રી અને ગુણલક્ષી શિક્ષણ બની ગયું છે. આ પ્રકારના શિક્ષણમાં રોબોટ ટીચર વધારો કરશે.

મેનેજમેન્ટની દ્રષ્ટિએ રોબોટ ટીચરનો ફાયદો એ છે કે, તે રજા ના માંગે, તેનો મૂડ ઓફ કે ઓન ન હોય, તેને વ્યસન ન હોય. કોઈ વિશેષ માંગણી કે સુવિધા વગર કહ્યાગરાની જેમ કામ કર્યે રાખે. છાત્ર માટે રોબોટ ટીચર ફાયદાકારક છે કે નુકસાનકારક, એતો નિવડે જ ખ્યાલ આવે.

શિક્ષણમાં ઉપયોગમાં લેવાયેલો રોબોટ ટીચર મુખ્યત્વે એઆઈના આધારે કામ કરે છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્ટ સર્વોત્તમ અને સર્વશ્રેષ્ઠ સાબિત થયેલ નથી. મોટાભાગે નેટમાં પ્રથરાયેલી માહિતી-પ્રોગ્રામિંગ મુજબ રજુ કરે છે. એઆઈનું જ્ઞાન અને ક્રિએટિવિટી નરોવા કુંજરોવા જેવી હોઈ શકે છે. એઆઈને જ સંપૂર્ણ સત્ય માનીને દોડવા જેવું નથી.

એઆઈ ગમે તેટલું આધુનિક બને પણ સ્પષ્ટ યાદ રાખવું જોઈએ કે તે માણસનો વિકલ્પ બની જ ન શકે. કોઈપણ ટેકનોલોજીથી ભરપૂર વિશેષતાઓ ભલે હોય, પણ તેની મર્યાદાઓ ઓછી હોતી નથી. કોઈપણ ટેકનોલોજી માણસના દિમાગમાંથી પ્રગટ થઈ છે, એ ટેકનોલોજી માણસથી મહાન ક્યારેય ન બને. સ્કૂલના બ્રાન્ડિંગ માટે રોબોટ ટીચર શ્રેષ્ઠ છે, આ ટીચર પાસે માહિતી હોય, પણ જ્ઞાનમાં ઢ જ ગણાય.



પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા

# અંગદાન માટે કેન્દ્ર સરકારના કર્મીઓને મળશે ૪૨ દિવસની સ્પેશીયલ કેઝ્યુઅલ લીવ

## યે..આરામ કા મામલા હૈ, અંગદાન કરનાર સરકારી કર્મચારીઓમાં ખુશ ખબર

નવી દિલ્હી, તા.૨

અંગદાનને પ્રોત્સાહન આપવા કેન્દ્ર સરકારે મહત્વનો નિર્ણય લીધો છે. સરકારની જાહેરાત મુજબ અંગ દાન બાદ સરકારી કર્મચારીઓને ૪૨ દિવસની સ્પેશીયલ કેઝ્યુઅલ લીવ આપવામાં આવશે. આ પગલું સર્જરી બાદ ઓર્ગન ડોનેટ કરતા કર્મચારીને સ્વસ્થ થવા પુરતો સમય મળી રહે એ માટે ભરવામાં આવ્યું છે. આ નિર્ણયથી સરકારી કર્મચારીઓમાં અંગદાન બાદ રજાની સમસ્યા નહિ નડે.

સરકારની આ પહેલથી અંગદાન કરનારાઓને રિકવર થવા માટે પૂરતો સમય મળશે. જેનાથી ભારતમાં અંગદાન અને ટ્રાન્સપ્લાન્ટ મામલે સકારાત્મક બદલાવ આવશે, જેનાથી ઘણા જીવન બચાવવામાં મદદ મળશે.

કર્મચારી અને તાલીમ વિભાગ (DoPT) એ આ સ્પેશિયલ લીવના નિયમો અંગે એક મેમોરેન્ડમ બહાર પાડ્યું છે.

મેમોરેન્ડમ મુજબ, અંગદાન કરનારા કેન્દ્ર સરકારના કોઈપણ કર્મચારીને અંગદાનના પ્રકારને ધ્યાનમાં લીધા વિના વધુમાં વધુ ૪૨ દિવસની ખાસ કેઝ્યુઅલ લીવ મળશે.

આ નિર્ણય પાછળ સરકારનું ઉદ્દેશ્ય દેશમાં ઓર્ગન ડોનરની ભારે જરૂરિયાતને પહોંચી વળવાનો છે. હવે કેન્દ્ર સરકારના કર્મચારીઓને અંગદાન બાદ સ્વસ્થ થવાના સમય માટે રજા મેળવવા અથવા નોકરી ગુમાવવાની ચિંતા નહીં કરવી પડે.

અહેવાલ મુજબ હોસ્પિટલમાં દાખલ થયાના દિવસથી શરૂ કરીને એક જ તબક્કામાં આ સ્પેશિયલ કેઝ્યુઅલ લીવ લેવાની રહેશે. જોકે, જરૂરિયાતના કિસ્સામાં, સરકારી રજિસ્ટર્ડ મેડિકલ પ્રેક્ટિશનર અથવા ડોક્ટરની ભલામણ પર સર્જરીના મહત્તમ એક અઠવાડિયા પહેલા રાજા લઇ શકાય છે.

# ઈલોન મસ્કથી-મુકેશ અંબાણી સહિતના અબજોપતિની સંપત્તિઃ ફોર્બ્સની યાદી જાહેર

## એલોન મસ્કે વિશ્વના સૌથી અમીર લોકોની યાદીમાં પ્રથમ ક્રમે

નવી દિલ્હી, તા.૨

ફોર્બ્સ બિલિયોનેર્સ લિસ્ટ ૨૦૨૫ જાહેર કરવામાં આવ્યું છે. જેમા અબજોપતિઓની સંખ્યામા વધારા સાથે તેમની સંપત્તિમાં પણ વધારો થયો છે. જેમા યુએસમાં ૯૦૨ અબજોપતિ, ચીનમાં હોંગકોંગ સહિત ૫૧૬ અને ભારતમા ૨૦૫ અબજોપતિ છે. આ ઉપરાંત તેમની સંપત્તિની વાત કરીએ તો વર્ષ ૨૦૨૪ કરતા સંપત્તિમા ૨ ટ્રિલિયન ડોલરના વધારા સાથે ૧૬.૧ ટ્રિલિયન સુધી પહોંચી છે.

આ યાદી મુજબ ટેસ્લા અને સ્પેસએક્સના સહ-સ્થાપક ઈલોન મસ્ક વિશ્વના સૌથી અમીર લોકોની યાદીમાં પ્રથમ સ્થાને છે. તેમની કુલ સંપત્તિ ૩૪૨ બિલિયન ડોલર છે. ફેસબુકના સ્થાપક માર્ક ઝુકરબર્ગ બીજા નંબરે છે અને એમેઝોનના સ્થાપક જેફ બેઝોસ ત્રીજા નંબરે છે. આ વર્ષે કુલ ૩,૦૨૮ રોકાણકારો, વારસદારો અને ઉદ્યોગપતિઓએ ફોર્બ્સની વિશ્વના સૌથી અમીર લોકોની યાદીમાં સ્થાન મેળવ્યું છે.

ચીન ૪૫૦ અબજોપતિઓ માટે બીજા ક્રમનો સૌથી મોટો દેશ છે. જેમની સંયુક્ત સંપત્તિ ૧.૭ ટ્રિલિયન ડોલર છે. જોકે ૨૦૨૪માં બજારમાં કડાકો અને શેરબજારમાં મંદીની ચીનની સંપત્તિ પર નોંધપાત્ર અસર પડી છે. જેના કારણે લગભગ ૪૦૦ બિલિયન ડોલરનું નુકસાન થયું.

ટિકટોકની પેરેન્ટ કંપની બાયટેન્સના સહ-સ્થાપક ઝાંગ યિમિંગ ચીનના સૌથી અમીર વ્યક્તિ બન્યા. બાયટેન્સે તેના શેર ફરીથી ખરીદ્યા પછી આ વાત સામે આવી છે, જેનાથી કંપનીનું મૂલ્ય ૩૧૨ બિલિયન ડોલર થયું છે.

પરિણામે ઝાંગની વ્યક્તિગત સંપત્તિ આશરે ૬૫.૫ બિલિયન ડોલર સુધી વધી ગઈ. ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા ટિકટોકને અમેરિકન માલિકને વેચવા અથવા યુએસ પ્રતિબંધનો સામનો કરવા માટે ૫ એપ્રિલની સમયમર્યાદા નક્કી કરવામાં આવી છે.

ફોર્બ્સ બિલિયોનેર્સ લિસ્ટ ૨૦૨૫મા ભારત ત્રીજા ક્રમે છે.

જેમા ૨૦૫ અબજોપતિઓ પાસે ૯૪૧ અબજ ડોલરની સામૂહિક સંપત્તિ છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના માલિક મુકેશ અંબાણી ૯૨.૫ બિલિયન ડોલરની કુલ સંપત્તિ સાથે ભારતના સૌથી અમીર વ્યક્તિ છે. જે પેટ્રોકેમિકલ્સ, તેલ અને ગેસ, ટેલિકોમ, રિટેલ, મીડિયા અને નાણાકીય ક્ષેત્રે કાર્યરત છે.

ભારતના બીજા સૌથી અમીર વ્યક્તિ ગૌતમ અદાણીની કુલ સંપત્તિ ૫૬.૩ બિલિયન ડોલર છે અને તેઓ યાદીમાં ૨૮મા ક્રમે છે. ગૌતમ અદાણી ગ્રુપના ચેરમેન છે. જે પોર્ટ એરપોર્ટ, વીજળી અને ગ્રીન એનર્જી ક્ષેત્રે કામગીરી કરે છે.

જ્યારે જર્મની ૧૭૧ અબજોપતિઓ અને કુલ ૭૯૩ અબજ ડોલરની સંપત્તિ સાથે ચોથો સૌથી અમીર દેશ છે. જર્મનીના સૌથી ધનિક વ્યક્તિ ડીટર શ્વાર્ઝની કુલ સંપત્તિ ૪૧ બિલિયન ડોલર છે. રશિયા ૧૪૦ અબજોપતિઓ સાથે પાંચમા ક્રમે છે જેની કુલ સંપત્તિ ૫૮૦ બિલિયન ડોલર છે. વાગિત અલેકપેરોવ રશિયાના સૌથી ધનિક વ્યક્તિ છે.

તેમની કુલ સંપત્તિ ૨૮.૭ બિલિયન ડોલર છે. ટોચના ક્રમાંકમાં રહેલા અન્ય દેશોમાં કેનેડા, ઈટાલી, હોંગકોંગ, બ્રાઝિલ અને યુનાઈટેડ કિંગડમનો સમાવેશ થાય છે.

# ડીસાના વિસ્ફોટકાંડનો મુદ્દો લોકસભામાં ઉઠાવો

## કોંગ્રેસનાં સાંસદ ગેનીબેને લોકસભાના અધ્યક્ષને લખ્યો પત્ર

ડીસા, તા.૨

ડીસાના ઢુંવા રોડ પર મંગળવારે ફટાકડાની ફેક્ટરીમાં બ્લાસ્ટ થતાં ૨૧ લોકોનાં મૃત્યુ થયા હતા. ગેરકાયદે ધમધમતી ફટાકડા ફેક્ટરીનો મુદ્દો માત્ર ગુજરાતમાં જ નહીં દેશમાં પણ ગુંજ્યો હતો. ગુજરાતમાંથી કોંગ્રેસના સાંસદ ગેનીબેન ઠાકોરે અધ્યક્ષને પત્ર લખીને લોકસભામાં આ મુદ્દો ઉઠાવવા મંજૂરી આપવાની માંગ કરી હતી.

તેમણે લખ્યું કે, બનાસકાંઠાના ડીસામાં ફટાકડા ગોડાઉનમાં લાગેલી આગના કારણે શ્રમિકોના દર્દનાક મોત થયા હતા. આ પ્રથમ ઘટના નથી પરંતુ સુરતની તક્ષશિલા, મોરબી પુલ દુર્ઘટના, રાજકોટ ગેમ ઝોન જેવી ગોઝારી ઘટનાઓ ગુજરાતાં બની ચુકી છે. ભાજપ સરકારે ભ્રષ્ટાચારમાં ગળાડૂબ રહેવાના બદલે યોગ્ય કાર્યવાહી કરી હોત તો આવી દુર્ઘટના રોકી શકાઈ હોત.

તેમણે કહ્યું કે, ભવિષ્યમાં આવી ઘટનાઓનું પુનરાવર્તન ન થાય તે માટે સરકાર આ ઘટનાની તપાસ માટે એક ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરે અને જવાબદાર સામે કડક પગલાં લેવામાં આવે તેવી માંગ કરું છું. જો પરવાનગી આપવામાં આવે તો, હું સંસદમાં આ મુદ્દો ઉઠાવીશ અને મૃતકો અને ઘાયલોના પરિવારોને પણ મળીશ અને શક્ય તેટલી મદદ કરીશ.

કલેકટર મિહિર પટેલે જણાવ્યું હતું કે, પરિવારજનોએ મૃતદેહોની ઓળખ કર્યા બાદ મૃતદેહો વતન મધ્ય પ્રદેશ રવાના કરવામાં આવ્યા હતા. મોટાભાગના મૃતકો દેવાસ અને હરદા જિલ્લાના હતા. મધ્ય પ્રદેશના પ્રધાન ચૌહાણનાગર સિંહ, વરિષ્ઠ અધિકારીઓ અને મધ્ય પ્રદેશના સ્થાનિક વહીવટી અધિકારીઓ બનાવની રાત્રીના જ ડીસા પહોચ્યાં હતા. મૃતકોના પરિવારજનો પણ આવી પહોંચ્યા હતા. દેવાસ જિલ્લાના ૧૦ લોકોની ઓળખ પ્રક્રિયા તેમના પરિવારના સભ્યોની હાજરીમાં પૂર્ણ કર્યા પછી એમ્બ્યુલન્સમાં તેમના વતન મોકલવામાં આવ્યા હતા.

# ભારત-EU મુક્ત વેપાર કરાર માટે વાટાઘાટોને વેગ આપ્યો



## હર્વે ડેલ્ફિને કહ્યું કે પરસ્પર લાભદાયી અર્થપૂર્ણ વેપાર પેકેજના ઘટકો પર ચર્ચા ચાલી રહી છે

નવીદિલ્હી, તા. ૨

ભારતમાં EU રાજદૂત હર્વે ડેલ્ફિને જણાવ્યું હતું કે વર્તમાન વૈશ્વિક વાતાવરણ ભારત-EU મુક્ત વેપાર કરાર માટે વાટાઘાટોને વેગ આપી રહ્યું છે અને જ્યારે યુએસ પારસ્પરિક ટેરિફ ભારત અને EU વચ્ચે કરાર માટે ચાલી રહેલી વાટાઘાટોના તર્કને મજબૂત બનાવે છે, તે તેમને વ્યાખ્યાયિત કરશે નહીં. વર્ષોની વાટાઘાટો પછી, ભારત અને EU એ આખરે યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેનની તાજેતરની મુલાકાત દરમિયાન FTA વાટાઘાટો પૂર્ણ કરવા માટે સમયમર્યાદા - ૨૦૨૫ ના અંત - ની જાહેરાત કરી. ઓટોમોબાઈલ, વાઈન અને સ્પિરિટ પર આયાત જકાત અંગેના તફાવતોને ધ્યાનમાં રાખીને શું તે સમયમર્યાદા પૂરી કરવી શક્ય બનશે કે કેમ તે અંગે પૂછવામાં આવતા, ડેલ્ફિને કહ્યું કે ભારત અને EU વચ્ચે ઉચ્ચ સ્તરનું રાજકીય જોડાણ છે અને FTA પૂર્ણ કરવા માટે દૃઢ નિશ્ચય છે.

અમે વર્ષના અંત સુધીમાં અને આગામી ભારત-EU સમિટ સુધીમાં પાકના ફળ જોવા માંગીએ છીએ. આ વાત બંને નેતાઓએ કોલેજની તાજેતરની મુલાકાત દરમિયાન વ્યક્ત કરી હતી. રાજકીય સ્તર સંપૂર્ણપણે સંકળાયેલું છે અને મંત્રી સ્તરે નિયમિત સંપર્કો છે, ડેલ્ફિને જણાવ્યું હતું કે, તાજેતરના ભૂતકાળમાં ભારત-EU સહયોગે કેટલાક પાસાઓ પર સારી પ્રગતિ કરી છે. ડેલ્ફિને કહ્યું કે પરસ્પર લાભદાયી અર્થપૂર્ણ વેપાર પેકેજના ઘટકો પર ચર્ચા ચાલી રહી છે. ''એ જ રીતે, બંને પક્ષો મુખ્ય મુદ્દાઓ અને સંબંધિત સંવેદનશીલતાઓને સંબોધવા પર કામ કરી રહ્યા છે. વૈશ્વિક વાતાવરણ વાટાઘાટોને આગળ ધપાવી રહ્યું છે.

અમેરિકા દ્વારા પારસ્પરિક ટેરિફ ભારત-EU FTA વાટાઘાટોના તર્કને મજબૂત બનાવે છે પરંતુ તે તેમને વ્યાખ્યાયિત કરશે નહીં.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

પ્રાસંગિક

## અનાહત ચક્ર એટલે કે હૃદય ચક્ર, સ્ત્રી અને પુરૂષનાં મિલનનું પ્રતિનિધિત્વ કરે છે



ચૈત્રી નવરાત્રીના પાંચમા દિવસે કાર્તિકેયની માતા સંકન્દ માતાને નમન કરીએ. એક સામાન્ય જીવની માતા હોય કે પછી મા જગત જનની જગદંબા હોય, એ તેના મમતાના એક અનન્ય ભાવને કારણે પ્રખ્યાત પણ થઈ શકે છે, અને કુખ્યાત પણ થઈ શકે છે. મમતાનો રંગ લાલ માનવામાં આવ્યો છે, આ ઉપરાંત કામ ભાવવાળા પ્રેમને પણ લાલ રંગ તરીકે સ્વીકારવામાં આવ્યો છે, અને એટલે જ પ્રેમીઓમાં લાલ ગુલાબની આપ લે થતી હોય છે. આપણે મુલાધાર ચક્રની શાસ્ત્રીય રચના જોઈ ત્યારે જોયું હતું કે મુલાધારનો રંગ પણ લાલ છે, કારણ કે એ કામનું કેન્દ્ર છે. પરંતુ હું પશુ નથી, હું મનુષ્ય છું, અને મારે મારા કામભાવ ને નિયંત્રિત રાખવા સંયમનની જરૂર છે. એવું થોડુંક જ્ઞાન પણ આ લાલ રંગમાં ભળે, તો એ મુલાધરમાંથી સ્વાધિષ્ઠાન ચક્ર પર પહોંચી જાય છે, અને લાલમાં જ્ઞાનનો પીળો રંગ ભળતાં એ નારંગી થઈ જાય છે, એ આપણે સૌ જાણીએ છીએ. એટલે જાગરણથી જ્ઞાન અને જ્ઞાનથી શક્તિ પ્રવાહ સુધી પહોંચવાની વાત છે. પશુમાંથી જેમ જેમ માનવી બનતા જઈએ, એમ એમ આ જ્ઞાનનો રંગ નારંગીમાં ભળી અને હજી વધુ પીળો બનાવે છે, અને મણીપુર એટલે કે રત્નોનું નગર આંતરિક ઊર્જા અને સૂર્ય દ્વારા સોષાયેલી ઉર્જાથી જગમગી ઊઠે છે. આટલું જાગરણ તો આપણાથી અવશ્ય થશે કે હું પશુ નથી! માનવ તરીકેનો જન્મ મળ્યો છે, તો કમ સે કમ માનવી બની રહીશ, પણ કામ ભાવ નિયંત્રિત કરી શકનારા પણ આપણે ઉપર કહ્યું તેમ મમતાને કારણે આ મુલાધાર પર જ રહી જાય છે, અથવા તો જો કામની અધિષ્ઠાતા હોય તો, આખું આયખું પૂરું થાય પણ નથી એનું ભોગ પર સયંમન, કે નથી કામ પર, કે નથી મમતા પર! શ્રદ્ધાની જેમ મમતા પણ સાત્વિકી રાજસી અને તામસી હોય છે, અને એની ત્રિગુણાત્મકતા જીવનને સાચી ખોટી દિશામાં દોરે છે. જેમકે ગાંધારીની મમતા તામસી હતી, અને જેણે આખા કુળનો વિનાશ નોતર્યો! એ જ રીતે માતા કુંતી અને માતા કૈકેયીની મમતા રાજસી હતી, જેણે પણ રામ રાવણ કે કૌરવ પાંડવનાં યુદ્ધ માટે મહત્વની ભૂમિકા અદા કરી. તો માતા કૌશલ્યા અને સુમિત્રાની મમતા સાત્વિકી હતી, અને તેમના ત્યાગ સમર્પણ અને બલિદાનની ગાથા આજે પણ ગવાય છે, અને એનું કારણ એ જ છે કે એમની મમતા મુલાધાર પર નહીં, પરંતુ અનાહત ચક્ર કે હૃદય ચક્રમાં પ્રેમ રુપે સ્થાપિત હતી, અને આજે આપણે સાત ચક્રમાના ચોથા ચક્ર અનાહત ચક્ર કે હૃદય ચક્ર વિશેની શાસ્ત્રીય રચના જોઈએ.

અનાહત અથવા હૃદય ચક્ર એ ચોથું પ્રાથમિક ચક્ર છે. જે શાક્ત બૌદ્ધ કે હિન્દુ તાંત્રિક પરંપરાઓ સાથે સંકળાયેલું છે. અનાહતનો અર્થ અનહર્ટ, અનસ્ટ્રક કે અજેટ નાદ એટલે કે અવકાશી ક્ષેત્રના અવાજ સાથે સંકળાયેલ છે. અનાહત સંતુલન, શાંતિ અને નિર્મળતા સાથે સંકળાયેલ છે. આ ઉપરાંત અનાહતનો એક અર્થ બે ભાગોનો સ્પર્શ કર્યા વિના ઉત્પન્ન થતો અવાજ! અહીં સુધી જીવ પોતાની એકની શક્તિ સાથે ઝઝુમતો હતો, અને જાગવા મથતો હતો. જ્યારે હૃદય ચક્રમાં અન્યની લાગણી પર કુલાગણીનો પ્રહાર થતાં, એને એ શક્તિ સામે પણ સ્પર્શ કર્યા વગર ઝઝુમવાનું છે, અને એનો અવાજ કે નાદની તીવ્રતા આ ચક્રની સક્રિયતા બતાવે છે.

અનાહત ચક્ર જે કરોડમાં હૃદયની લાઈનમાં આવેલ છે.તેને બાર પાંખડીઓ આવેલ છે.તે હૃદય અને છાતીના અવયવો સાથે જોડાયેલ છે.અનાહત ચક્રનું કે હૃદય ચક્રનું સ્થાન હૃદયની નજીક કરોડરજ્જુની મધ્ય ચેનલમાં સ્થિત છે. અનાહતને બાર પાંખડીઓવાળા કમળનાં ફૂલ દ્વારા દર્શાવવામાં આવે છે, જેનો રંગ લીલો છે. અંદર બે ત્રિકોણના આંતરછેદ પર એક ધુમાડો પ્રદેશ છે, જે ષટકોણ બનાવે છે .ષટકોણ એ તંત્ર માર્ગમાં વપરાતું પ્રતીક છે , જે સ્ત્રી અને પુરુષના મિલનનું પ્રતિનિધિત્વ કરે છે. ખાસ કરીને, તેનો અર્થ પુરૂષ અને પ્રકૃતિનું પ્રતિનિધિત્વ કરવાનો છે. આ વિસ્તારના દેવતા વાયુ છે , જે ધુમાડા જેવા અને ચાર હાથવાળા છે, જે કુશ ધરાવે છે, અને કાળિયાર પર સવાર છે. ''ચોથું ચક્ર જેનું સક્રિય છે એવી વ્યક્તિ'' પાસે હરણની જેવી નિર્દોષ આંખો હોય છે. આ ચક્ર સાથે સંકળાયેલ ષટકોણ હવાનું પ્રતિનિધિત્વ કરે છે, જે ઉપર, નીચે અને ચારેય દિશામાં ખસે છે. આ ચક્રનો બીજ મંત્ર 'યં' છે, જેના ઉચ્ચારણથી એક સ્પષ્ટ શબ્દ બ્રહ્મ પ્રાપ્ત થાય છે, અને ઉચ્ચારણ બિંદુની અંદર ઈશા દેવી છે, અને ઈશા તેજસ્વી સફેદ કે વાદળી રંગની છે. તેનાં પાંચ ચહેરા વિશે અસ્પષ્ટ નિવેદન છે, અને દરેક ચેહરા પર ત્રણ આંખો છે, એ વાઘની ચામડી પહેરે છે, અને ત્રિશૂળ અને નગારું ધરાવે છે, જે ભય દૂર કરે છે. તેની શક્તિ કાકિની છે, જે ચમકતા પીળા અથવા ગુલાબી રંગની છે.તેની સંખ્યાબંધ વિવિધતા છે. બીજ મંત્રના ઉચ્ચારણ સાથે પવન દેવતા જોડાયેલ છે, અને વાયુ એટલે કે પવનનો પોતાનો બીજ મંત્ર હ્રીમ છે, જે યં સાથે બોલવાથી હૃદય ચક્રને પ્રભાવિત કરી ક્રિયાન્વિત કરવામાં મદદ કરે છે. બાર પાંખડીઓ કં, ખં, ગ્યં, ગં, ન્ગં, ચં, છં, જં, ઝં, ન્યં, ટં, થં, સંસ્કૃતમાં નિશાની સાથે કોતરેલી છે, જે ૧૨ વૃત્તિઓ કે ૧૨ દેવી ગુણો સાથે એટલે કે આનંદ, શાંતિ, સંવાદિતા, સમજણ, સહાનુભૂતિ, સ્પષ્ટતા, શુદ્ધતા, એકતા, કરુણા, દયા, ક્ષમા, જેવા આંતર ઉજાળતા કે જીવનની શોભા વધારતા ગુણોની પુષ્ટિ થાય છે.

આ ચક્રનો દેવતા પવન છે, અને આપણ સૌ જાણીએ છીએ કે પવનનો પણ એક અવાજ છે! આ ઉપરાંત પાણીનો પણ અવાજ છે આકાશમાં પણ કેટલી એ ગેલેક્સીઓ એકબીજા પર પરિભ્રમણ કરતી હોય છે, અને આકાશ ગંગામાં પણ આ ગેલેક્સી તૂટવાના, તારો ખરવાના વિવિધ અવાજો થતા હોય છે, અને ક્યારેક ક્યારેક આપણે સાંભળીએ પણ છીએ, આ ઉપરાંત આપણે ત્યાં નાદ બ્રહ્મની પણ એક આધ્યાત્મિક વાત છે. બાહ્ય પ્રકૃતિની વાત છોડીએ તો હૃદય તો ધબકારાથી જ મેન્ટેન થતું હોય છે, અને એ આપણે માનવી છીએ! આપણે માનવીએ છીએ! એવો અવાજ કરીને આપણને હરક્ષણ જગાડે છે, પરંતુ જો જાગવું હોય તો! બાકી લોકો એને સામાન્ય ધબકારા સમજી ભૂલી જતા હોય છે. જીવન પુરું થાય એ પહેલાં આ અનાહતનો નાદ આપણે અનુભવી શકીએ કે નહીં! તે નક્કી નથી થતું! પરંતુ આ ચક્રનો મુખ્ય ગુણ કે ભાવ લાગણી એટલે કે પ્રેમ છે અને પ્રેમ એ એક એવી સંજીવની છે,જે એક સાથે બે જીવને જીવંત બનાવે છે, તો એનો પ્રયોગ કરી શકાય! અને આપણી સાવ ખોટી માન્યતા છે કે પ્રેમ કરવા માટે કંઈક આપવું પડે! પણ પ્રેમમાં આપવા કરતાં, ત્યાગવું વધુ જરૂરી હોય છે. કોઈ ને કંઈ આપી શકીએ તો બહુ સારી વાત છે પણ ન આપી શકીએ, તો જે વસ્તુ પર્યાપ્ત નથી એ છોડવાની તૈયારી બતાવવી, એ પણ પ્રેમનું લક્ષણ છે. તો ઈશ્વરે આપ્યું હોય અને સંવેદના તીવ્ર બને ત્યારે આપવું, ન આપી શકીએ એમ હોઈએ તો ઈશ્વરને કહેવું, કે તે એવાં લાયક પણ બનાવ્યા નહીં, કે બે જણની વ્યથા મીટાવી શકું! કોઈ ઝૂંપડીમાં પંખો ન નખાવી શકાય તો કંઈ નહીં! કોઈનાં દિલને ટાઢસ થાય એવાં બે વેણ બોલીને પણ પ્રેમ તત્વની પુષ્ટિ થાય છે, બસ આ રીતે છેક છેવાડાના માનવી સુધી સમન્વય કરીને એમનાં હૃદયના ધબકારા એટલે કે એમની માંગ ને સાંભળવી કે સમજીએ તો એ સમજ અનાહત નાદ સુધી દોરી જશે! અને પછી તો સૌનાં હિતમાં જ મારું હિત છે! એ ભાવ રામ તત્વની પ્રતિતિ કરાવી જશે. જય સીયારામ.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

વિદેશ જવાની ઘેલછામાં કોઈપણ હદ સુધી જતાં લોકો સરળતાથી ફસાય છે લેભાગુઓની જાળમાં

# UKના વીઝાના નામે બેતાલીસ લાખની ઠગાઈઃ ગઠીયો સાણસામાં

## સોશિયલ મિડીયામાં જાહેરખબર મુકી શિકાર શોધતા હતાંઃ બીજા ગઠીયાઓના નામ ખુલ્યાઃ ઠગાઈની બીજી ઘટનામાં ફ્લેટના સોદાના નામે એન્જિનીયરને ઓગણીસ લાખનો ચૂનો

રાજકોટઃ વિદેશ જવા ઈચ્છુક એવા અનેક લોકો અત્યાર સુધીમાં લાખો કરોડોમાં છેતરાઈ ગયા છે. વધુ એક આવા કિસ્સામાં ગઠીયાએ ઈન્સ્ટાગ્રામ પર યુ વીન કન્સલ્ટન્સી નામે જાહેર ખબર મુકી યુકેના વર્ક પરમીટ વિઝા અપાવી દેવાના નામે બેતાલીસ લાખની ઠગાઈ કરી લીધી છે. જો કે પોલીસે આ વખતે આરોપીને દબોચી લીધો છે. બીજી તરફ એન્જિનયરને ફ્લેટ અપાવવાના નામે ઓગણીસ લાખની ઠગાઈ કરવામાં આવી છે. આ રીતે અનેકને છેતરી લેવાયાની વિગતો સામે આવી છે.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો યુકેના વર્ક પરમીટ વીઝાના નામે બેતાલીસ લાખ એકસઠ હજારની ઠગાઈ સુરતમાં થઈ છે. વર્ક પરમિટ વિઝા ઠગાઈ કૌભાંડમાં સામેલ વિરલ કિરણ વશી નામના આરોપીની ધરપકડ કરવામાં આવી છે. આરોપી અને તેની યુ વીન કન્સલ્ટન્સીએ યુકે વર્ક પરમિટ વિઝા અપાવવાની લાલચ આપી લોકો પાસેથી મોટી રકમ વસૂલી હતી પરંતુ, વિઝાની કોઈ પ્રક્રિયા કરી નહોતી. જ્યારે ફરિયાદી અને સાહેદોએ પૈસા પરત માગ્યા ત્યારે તેમને અવગણવામાં આવ્યા, જેના કારણે ગુનો દાખલ કરાયો હતો. તપાસને અંતે આ પ્રકરણમાં સામેલ એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે. આરોપીઓએ સલોની હેમંતભાઈ વશી પાસેથી ૨૮,૫૧,૦૦૦, કિશનભાઈ કિશોરભાઈ ઘરસંડીયા પાસેથી ૫,૫૦,૦૦૦ અને પરેશભાઈ નારાયણ જાની પાસેથી ૮,૬૦,૦૦૦ મળી કુલ ૪૨,૬૧,૦૦૦ ચાર્જ વસૂલી લીધા હતા. ફરિયાદ નોંધાયા બાદ સુરત ક્રાઈમ બ્રાંચે ગુપ્ત માહિતીના આધારે આરોપી વિરલ કિરણ વશીને ગૌરવપથ રોડ, પાલ, સુરત ખાતે ઝડપી પાડ્યો હતો. આ કૌભાંડમાં યુ વીન કન્સલ્ટન્સીના માલિક પ્રતિક જયેન્દ્રસિંહ પવાર, સંચાલક સાધનાબેન જયેન્દ્રસિંહ પરમાર, મેનેજર વિરલ કિરણ વશી અને કન્સલ્ટન્ટ સોનિયાબેન રાઠોડ સંડોયેલા હતા. તેઓએ ઈન્સ્ટાગ્રામ પર જાહેરાત મૂકીને લોકો સાથે છેતરપિંડી કરી હતી. પીડિતો સાથે વિશ્વાસઘાત કરીને, તેઓએ તેમની ઓફિસ બંધ કરી અને ગાયબ થઈ ગયા હતા. સુરત ક્રાઈમ બ્રાંચ દ્વારા કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે અને વધુ ભોગ બનનાર લોકોની ઓળખ માટે તપાસ ચાલુ છે. વિઝા માટે કોઈપણ




એજન્ટને પૈસા ચૂકવતા પહેલા સંપૂર્ણ તપાસ કરવી જરૂરી છે, જેથી આવી છેતરપિંડીથી બચી શકાય છે.

બીજા કિસ્સામાં સુરતના વેસુ વિસ્તારમાં એક ઓએનજીસી એક્ઝિક્યુટિવ એન્જિનિયરને ફ્લેટ અપાવવાના બહાને અઢાર લાખ એંસી હજાર રૂપિયાની છેતરપિંડી કર્યાનો મામલો સામે આવ્યો છે. આરોપીઓએ માત્ર એક નહિ પણ અન્ય કર્મચારીઓ સાથે પણ આવી જ રીતે છેતરપિંડી કરી હોવાનો ખુલાસો થયો છે. વેસુ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદના આધારે આરોપી અવિનાશ દશરથ પારેખ અને તેનો સાગરીત રાજેશ જયંતીલાલ મહેતા સામે ચીટીંગનો ગુનો નોંધાયો છે.

મગદલ્લા ફેઝ-૧ ઓએનજસી નગરમાં રહેતા ૨૯ વર્ષીય અમિત રામતિલક ગુપ્તા હજીરાના ઓએનજીસી પ્લાન્ટમાં એક્ઝિક્યુટીવ એન્જિનિયર તરીકે નોકરી કરે છે. તને સાથે જ કામ કરતા અવિનાશ પારેખે અમિત ગુપ્તાને વેસુ સ્થિત રઘુવીર સ્પેલેક્ષમાં ફ્લેટમાં રોકાણ કરવાની સલાહ આપી હતી. અવિનાશે દાવો કર્યો કે, તેણે અગાઉ અન્ય કર્મચારીઓને પણ ફ્લેટ અપાવ્યા છે.

આ પછી અવિનાશ પારેખે અમિત ગુપ્તાને મળીને કહ્યું કે, તેના મિત્રનો ફ્લેટ વેચાણ માટે ઉપલબ્ધ છે, જે રાંદેર, રૂપાલી સિનેમાની સામે આવેલ જય અંબે ફર્નિચર દુકાન ધરાવતો છે. ત્યારબાદ તે અમિત ગુપ્તાને આ વ્યક્તિ સાથે મળવા લઈ ગયો. બંને વચ્ચે ૬૨.૯૪ લાખ રૂપિયાનો સોદો નક્કી થયો હતો. પ્રારંભમાં, અમિત ગુપ્તાએ ૧ લાખ રૂપિયાની ચૂકવણી કરી. ત્યારબાદ, ટુકડે-ટુકડે મળીને ૧૮.૮૦ લાખ રૂપિયાની રકમ ચેક અને ઓનલાઈન ટ્રાન્સફર દ્વારા અવિનાશ પારેખને આપવામાં આવી. આ સાથે, અવિનાશે વ્હોટ્સ એપ પર એક એગ્રીમેન્ટ ોપ ચેટ પણ મોકલ્યો હતો. અમિત ગુપ્તાએ જ્યારે ફ્લેટ માટે દસ્તાવેજ કરાવવા માગ્યું ત્યારે અવિનાશ પારેખ બહાના કાઢતો રહ્યો. અંતે, અમિત ગુપ્તાએ બિલ્ડર સુધી પહોંચી તપાસ કરતા, તે ફ્લેટ પહેલેથી જ બીજાને વેચી નાખવામાં આવ્યો હોવાનો ખુલાસો થયો.

બાદમાં, અવિનાશ અને તેનો સાગરીત રાજેશ મહેતાએ એક નવી બિલ્ડિંગમાં ફ્લેટ આપવાની વાત કરી.

ફ્લેટ અને દસ્તાવેજોની સત્યતા બહાર આવતા, અમિત ગુપ્તાએ વેસુ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.આ કેસમાં મુખ્ય આરોપી અવિનાશ પારેખ અને તેના સાગરીત રાજેશ મહેતા પર કલમો હેઠળ છેતરપિંડીનો ગુનો નોંધાયો છે. હાલ બંને આરોપીઓ મોબાઈલ બંધ રાખીને ગુમ થઈ ગયા છે. પોલીસે આરોપીઓને ઝડપી પાડવા તપાસ શરૂ કરી હતી.

---

સોશિયલ મિડીયાનો વધુ એક વખત થયો ગુનાખોરી માટે ઉપયોગઃ રાજકોટમાં આ પ્રકારના બનાવો વધ્યા

# બદલા ઐસા લેંગે કે ખાનદાન કાપેંગા ઈન્સ્ટાગ્રામથી બેફામ ધમકીઓ!

## ગાંધીગ્રામના ટૂર્સ ટ્રાવેલ્સના ધંધાર્થીની હત્યાની કોશિષની ગુનામાં છુટેલા આરોપીઓએ ફરી કાયદો હાથમાં લીધોઃ યુવતિ સહિત પાંચ સામે પોલીસે ગુનો નોંધ્યોઃ જુના કેસનું સમાધાન કરવાનું કહી સતત ધમકી

રાજકોટઃ સોશિયલ મિડીયા થકી લોકો અનેક સારા કામ કરી રહ્યા છે. પરંતુ અમુક એવા છે જે આ માદ્યમનો સતત ગુનાખોરી માટે ઉપયોગ પણ કરી રહ્યા છે. આવી જ એક ઘટના સામે આવી છે જેમાં વધુ એક વખત કેટલાક શખ્સોએ સોશિયલ મિડીયાનો ધાકધમકી માટે ઉપયોગ કર્યો છે. પોલીસના વાતે આ ઘટના આવતાં ગંભીરતાથી લઈ તુરત જ કાર્યવાહી કરી ગુનો નોંધ્યો છે. ગાંધીગ્રામમાં રહેતાં ટૂર્સ ટ્રાવેલ્સના ધંધાર્થીની હત્યાની કોશિષના ગુનામાં છુટેલા શખ્સોએ આ કેસનું સમાધાન કરી લેવા કહેતાં આ યુવાને ના પાડી દેતાં આ બધાએ ઈન્ટાગ્રામ આઈડીઓ પર સતત ધાકધમકીઓ ગાળો સાથેના ડાયલોગ મુકી તેને ભયભીત કરીદેતાં પોલીસે અલગથી આ તમામ સામે ગુનો નોંધ્યો છે.



**ભલે વીસ વરસની જેલ, ભાઈ ઉપર વાત આવે તો પછી આજીવન કાપશું, હમારે સાથ બૈઠને વાલે કુત્તે ખુદ કરો શેર સમજ રહે હૈ, ઉન કુત્તો કો જાકે બતા દો ઈસ જંગલ કા શેર અભી જીંદા હૈ!**

ચોંકાવનારી એવી આ ઘટના પર નજર કરીએ તો શહેરના ગાંધીગ્રામમાં રહેતાં અને ટૂર્સ ટ્રાવેલ્સ બૂકીંગનું કામ કરતાં યુવાને ચાર મહિના પહેલા કેટલાક શખ્સો વિરૂદ્ધ હત્યાની કોશિષની કલમો હેઠળ પોલીસ ફરિયાદ કરી હોઈ તે બધાની ધરપકડ થતાં જેલહવાલે થયા હતાં. હવે જામીન પર છુટીને આ શખ્સો સમાધાન કરી લેવાનું કહી દબાણ કરતાં હોઈ યુવાને સમાધાનની ના પાડતાં આ બધાએ પોતાની ઈન્સ્ટાગ્રામ આઈડી પર આ યુવાનને અલગ-અલગ ડાયલોગ, લખાણ થકી મારી નાંખવાની ગર્ભીત ધમકી આપતાં તેણે પાંચ જણા સામે ફરિયાદ દાખલ કરાવી છે. જેમાં એક યુવતિ પણ સામેલ છે. પોલીસે ગાંધીગ્રામ અક્ષરનગર મેઈન રોડ આશાપુરા માતાના મંદિર પાસે રહેતાં અને ઓનલાઈન ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ બૂકીંગનું કામ કરતાં પ્રકાશ ઉર્ફે પિન્ટુ રમેશભાઈ લખલાણી નામના પાંત્રીસ વર્ષના યુવાનની ફરિયાદ પરથી જીવંતીકાનગરના મનિષ બાબુભાઈ ધામેચા, અમીત બાબુભાઈ ધામેચા, ચિરાગ બાબુભાઈ ધામેચા, મીત મનિષભાઈ ધામેચા અને નીશા બાબુભાઈ ધામેચા વિરૂદ્ધ બીએનએસની કલમો હેઠળ સોશિયલ મિડીયા મારફત ધમકી, ગાળો આપવાની એફઆઈઆર દાખલ કરી છે.

આ બનાવ અંગે પ્રકાશ ઉર્ફે પિન્ટુએ જણાવ્યું છે કે હું મારા પત્નિ નીકીતા અને બે બાળકો સાથે રહુ છું. તા. ૧/૧૧/૨૪ના રોજ મનિષ, અમિત, ચિરાગ, મીત, રૂષી ઉર્ફે આર.સી.એ મારા પર હથીયારથી હુમલો કર્યો હતો. તે વખતે મેં ફરિયાદ દાખલ કરાવતાં આ તમામની ધરપકડ થઈ હતી અને જેલહવાલે થયા હતાં. જે તે વખતે પ્રકાશ ઉર્ફે પિન્ટુ પર અયોધ્યા ચોકમાં આ બધાએ છરી-પાઈપથી હુમલો કરી હત્યાનો પ્રયાસ કર્યો હતો.

એ ગુનામાં તમામની ધરપકડ થઈ હતી અને જેલમાં ગયા હતાં. ત્યારે ચિરાગ ધામેચાના પરિવાર વિરૂદ્ધ અરજી કરી હોઈ તેનો ખાર રાખી આ હુમલો થયો હતો. ત્યાર પછી તે વારાફરતી જામીન પર છુટ્યા છે. ૧૬/૨ના રોજ મારા મિત્ર મોહિતસિંહ ઝાલાએ મને ફોન કરી કહેલુ કે આ લોકો સમાધાન કરવાની વાત કરે છે, જેથી મેં સમાધાનની ના પાડી હતી.

ત્યારપછી મને ખબર પડી હતી કે જામીન પર છુટ્યા પછી પણ આ લોકો મને મારવા માટે શોધી રહ્યા છે અને ઈન્સ્ટાગ્રામમાં અલગ અલગ સ્ટોરી મુકે છે. જેથી મેં મારા પત્નિ અને સાસુના ફોનમાંથી આ બાબતે તપાસ કરતાં અલગ અલગ ઈન્સ્ટાગ્રામ આઈડીમાં મનિષ ધામેચાએ પોતાની આઈડીમાં છરીઓ સાથેના ફોટા અને ૩૦૭+૩૦૨ હજી લાગે હો પંડિત મોસ્ટ વેલકમ બેટા તથા ૩૦૭ એવુ લખાણ મુક્યું હતું. તેમજ નિશા ધામેચાએ તેની આઈડીમાં કાલે બજારમાં એકલો મશીન ત્યારે કંયાં જઈશ, તારી...બેફામ ગાળો લખી તું બસ કેસ કર શકે કેસ, બદલા તો તેરા બાપ ભી ના લે શકે, બસ એક મૌકે કા ઈંતઝાર હૈ લાલા, બદલા ઐસે લેંગે કે પુરા ખાનદાન કાપેંગા સહિતના ડાયલોગ સાથે ગાળો લખી હતી.

આ ઉપરાંત અમીત ધામેચાએ તેની ઈન્સ્ટાગ્રામ આઈડી ઉપર ભલે ૨૦ વરસની જેલ, ભાઈ ઉપર વાત આવે તો પછી આજીવન કાપીશુ હો, હમારે સાથ બૈઠને વાલે કુત્તે આજ ખુદ કો શેર સમજ રહે હૈ, ઉન કુત્તો કો જાકે બતા દો ઈસ જંગલ કા શેર અભી ઝીંદા હૈ, મર્દના સમાધાન સ્માશાને જ થાય, પછી ગાળ લખી ઘા તો એવો કરશું કે ઉમ્ર છોટી કર દેંગે બાબુ, ૩૦૭ બોલે ડાર્લિંગ ઉડે તો જ હા, છોકરાના ચારા થાય બાપના ચારાા નો હોય, જાતુ તો નથી કરવાનું થાતું, મોસ્ટ વેલકમ જેનો ડર હતો એ બધુ થઈ ગયું છે હવે એક જ વાત કાં તો ઘા કરીશું કાં તો ઘા ખાઈશું, બાકી હવે ડગલુ તો પાછુ ન મંડાય. મેરા વાપસ આના તય હૈ તુમ ખુદ કો બચાને કી તૈયારી મેં લગ જાઓ. જયારે ચિરાગે તેની આઈડીમાં લખ્યું હતું કે જેલ જાને સે નહિ ડરતે વાલા, અપની મા કી વજહ સે શાંત બૈઠે હૈ, મીતે પોતાની આઈડીમાં ઈક બાર ફીર સે મુલાકાત હોગી તુમસે હમારી, પીછલી બાર કા કુછ હિસાબ બાકી હૈ.

આ રીતે આ બધાએ પોતાની ઈન્સ્ટાગ્રામ આઈડીની સ્ટોરી મારતફ ગર્ભીત ધમકી આપી ગાળો દીધી હતી. આ બાબતની વાત મેં મારા પત્નિ, સાસુને કરી હતી. મને કેસ પાછો ખેંચી લેવા આ લોકો સોશિયલ મિડીયાના માધ્યમથી સતત ધમકી આપી ગાળો દેતાં હોઈ અંતે ફરિયાદ કરવી પડી હતી. તેમ વધુમાં પ્રકાશ ઉર્ફે પિન્ટુએ જણાવતાં ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનના ઈન્સ્પેકટર એસ. આર. મેઘાણીની રાહબરીમાં હેડકોન્સ. બી. વી. જાડેજાએ ગુનો દાખલ કરતાં એએસઆઈ એસ. જી. ગોસાઈએ આરોપીઓને ઝડપી લેવા તપાસ શરૂ કરી છે. સોશિયલ મિડીયાનો વધુ એક વખત આ રીતે ગુનાખોરી માટે ઉપયોગ થયો છે.

---

# સરકારી કચેરીઓમાં હવે અરજીનો સત્વરે થશે નિકાલ

## લાંબા સમય સુધી અરજીને પેન્ડિંગ રાખતા અધિકારીઓ તથા કર્મચારીઓ સામે લેવાશે પગલા

રાજકોટ, તા. ૨

છેલ્લા ઘણા સમયથી હાલ સરકારી કામગીરીને લઈ ઘણા ખરા પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે કારણકે જે પણ અરજદાર દ્વારા કામગીરી માટે સરકારી કચેરીમાં આવવાનું થતું હોય તેઓએ લાંબા સમય સુધી વાટ જોવી પડે છે છતાં પણ તેમનું કામ થઈ શકતું નથી. અને કામગીરી યોગ્ય સમયે ન થતા ઘણા અન્ય પ્રશ્નો પણ ઊભા થઈ રહ્યા છે ત્યારે હવે રાજ્ય સરકારે આ વાતની ગંભીરતાને ધ્યાને લઈ અત્યંત મહત્વનો નિર્ણય લીધો છે જેમાં હવે સરકારી કચેરીઓમાં અરજીઓનો સત્વરે નિકાલ થશે એટલું જ નહીં લાંબા સમય સુધી જે પણ કર્મચારી અને અધિકારી અરજીને પેન્ડિંગ રાખતા હશે તો તેના ઉપર પણ હવે કાયદાકીય પગલાં લેવામાં આવશે.

પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, ગાંધીનગર ખાતે મળેલી કેબિનેટ બેઠકમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જનહિતલક્ષી મહત્વની સૂચના આપી છે. રાજ્યની તમામ સરકારી કચેરીઓ/સંસ્થાઓમાં આવતા લોકો, અરજદારોને કોઈપણ પ્રકારની હાલાકી ભોગવવી ન પડે તે દિશામાં કામગીરી હાથ ધરવા સૂચના આપી હતી. અરજદારોની અરજીનો ઝડપી નિકાલ આવે અને લાંબા સમયથી પડતર રહેતી અરજીઓની પેન્ડેન્સી ઘટે તે માટેના પ્રયાસો હાથ ધરવાની સૂચના મુખ્યમંત્રીશ્રીએ કેબિનેટ બેઠકમાં આપી હોવાનું મંત્રીશ્રીએ કહ્યું હતુ.

રાજયના જન સંપર્ક કાર્યાલય, જિલ્લા તેમજ તાલુકા પંચાયત, આરોગ્ય કચેરીઓ, શૈક્ષણિક સંસ્થાઓમાં આવતા અરજદારો કે સર્વિસ મેળવવા માટે આવતા લોકોની સમસ્યા અને ફરિયાદનું સત્વરે નિકાલ થાય તેવા પ્રયાસો હાથ ધરવા કહેવામાં આવ્યું છે. લાંબા સમય સુધી અરજી નો નિકાલ ન કરતા અધિકારી-કર્મચારી સામે કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

પ્રવક્તા મંત્રીએ વધુમાં જણાવ્યું હતુ કે, રાજ્યની સરકારી કચેરીઓ/સંસ્થાઓમાં સેનિટેશન, સ્વસ્છતા , પીવાના પાણીની બાબતોનું પણ ધ્યાન રાખવા અને ફાયર લાયસન્સ, ગ.ઘ.ઈની ચકાસણી કરવા માટેની પણ તાકીદ કરવામાં આવી હતી.

---

# આણંદપર ખાતે આવેલ કારખાનામાં લાગી હતી આગ : બાંધકામ અને વિકાસ પરવાનગી પણ ન હતી

## રૂડા વિસ્તારમાં આવેલા તમામ એકમો પર રૂડા કચેરી હાથ ધરશે કાર્યવાહી

રાજકોટ, તા. ૨

આણંદપરના કારખાનામાં લાગેલી આગની ઘટના અંગે પોલીસે તપાસ શરૂ કરી દીધી છે ત્યારે ચોકાવનારી વિગત જે બહાર આવી તે મુજબ હવે આ ઔદ્યોગિક એકમે લેઆઉટ મંજૂર કરાવ્યા બાદ કોઈ પણ પ્રકારની બાંધકામ કે વિકાસ પરવાનગી લીધી ન હોવાની ચોક આવનારી વિગતો બહાર આવી છે જે અંગે રૂડાએ ખુલાસો પણ કર્યો છે. હાલની સ્થિતિને ધ્યાને લઈને હવે યુનિટને નોટિસ આપી વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેવું રૂડાના સીઈઓ મિયાણીએ જણાવ્યું હતું. એટલું જ નહીં કુવાડવા રોડના આણંદપર પાસેની જે ફેક્ટરીમાં આગ લાગી અને તે બાદ જે તપાસ હાથ ધરવામાં આવી તેમાં ૨૦૦૭ના વર્ષમાં રૂડામાં પ્લાન હજુ કરવામાં આવ્યો હતો અને લેઆઉટ પણ રૂડા કચેરી દ્વારા મંજૂર કરાયો હતો પરંતુ બાંધકામ કે વિકાસ પરવાનગી માટે કોઈ પ્રક્રિયા અને પ્રતિક્રિયા રૂડાએ આપી નથી.

૨૦૦૭માં લેઆઉટ પ્લાન રજૂ કરાયા બાદ કોઈ ડોકયુમેન્ટ કચેરીમાં જમા કરવામાં આવ્યા નથી. આથી આ બાંધકામ સંપૂર્ણપણે ગેરકાયદેસર લાગી રહ્યું છે. તમામ મંજૂરી લેવાની જવાબદારી ડેવલપર્સની હોય છે. રૂડાની ટીમ પણ ચેકીંગ કરતી હોય છે. રૂડામાં આ વિસ્તાર ભળ્યો તે પહેલાના પણ આવા ઘણા બાંધકામ હોઈ શકે છે. પરંતુ અત્યાર સુધીની ચકાસણીમાં આ એકમે કોઈ એનઓસી નહીં લીધાનું લાગી રહ્યું છે. હવે આ અંગેનો તપાસ રીપોર્ટ તૈયાર કરવામાં આવી રહ્યો છે જે પોલીસને સોંપવામાં આવશે.

આ રીતે એકંદરે ફાયર તંત્ર, ફેકટરી ઈન્સ્પેકટર કે રૂડા તંત્ર વચ્ચે સંકલન નહીં થયાનું પણ લાગ્યું છે. આ સહિતના રૂડા વિસ્તારમાં આવેલા એકમોમાં હવે ફાયર સેફટી ચકાસવા આવા એકમોને નોટીસ આપવામાં આવે તેવી તૈયારી કરવામાં આવી છે. કોઈપણ પ્લાન રજૂ થાય ત્યારે તેમાં ફાયર એનઓસી છે કે નહીં તે ચકાસવામાં આવે છે.જો એનઓસી હોય તો સ્થળ તપાસ બાદ જ વિકાસ પરવાનગી આપવામાં આવે છે. આ તમામ કાર્યવાહી સંકલન સાથે થઈ છે કે કેમ તે અંગે પણ તપાસ કરવામાં આવી રહ્યાનું જાણવા મળ્યું છે.

હવે મહત્વનું એ છે કે રૂડા કચેરી રૂડા વિસ્તાર આજુબાજુ જે ઉદ્યોગિક એરિયા આવેલા હોય અથવા તો એકમો ઊભા થયેલા હોય તેની હવે ગંભીરતાપૂર્વક તપાસ કરશે. કારણકે રૂડા વિસ્તારમાં ઘણી એવી મિલકતો છે જે યોગ્ય છે કે કેમ કે જેઓને વિકાસ પરવાનગી મળી છે કે કેમ આ અંગે અનેક પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે.

ત્યારે હવે જોવાનુ એ રહ્યું કે રૂડા વિસ્તારના જે પ્લાન પાસ કરવામાં આવેલા હોય અથવા તો લેઆઉટ મંજૂર કરવામાં આવ્યું હોય તેમાં શું તેઓને બી સર્ટિફિકેટ કે પ્લાન ઉભો કરવા માટેની પરવાનગી મળી છે કે કેમ આ અંગે હાલ હવે ગંભીરતાપૂર્વક તપાસ હાથ ધરવામાં આવશે. તજજ્ઞોના મતે હવે સૌથી મોટી અને મહત્વની વાત તો એ છે કે આટલા સમય એટલે કે ૨૦૧૭ માં જે પ્લાન લેઆઉટ મંજૂર થયો હોય અને ત્યારબાદ કોઈ બાંધકામ પરવાનગી લેવામાં આવી ન હોય અને છતાં આટલી મોટી ફેક્ટરી ધમધમે તો કેમ રૂડા કચેરીને આ અંગે કોઈ જાણ ન થઈ અથવા તો શું જાણ થાય તો કેમ નકર પગલાં લેવામાં આવ્યા નહીં આ તમામ મુદ્દે અનેક પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે.

ત્યારે હવે જોવાનુ એ રહ્યું કે રૂડા વિસ્તારમાં આવેલા જે ઉદ્યોગિક એકમો છે તે યોગ્ય છે કે કેમ ?

---

# કોઠારિયાનો અકી પાસા તળે અમદાવાદ જેલમાં ધકેલાયો

## પોલીસ કમિશ્નર દ્વારા ક્રાઈમ બ્રાંચએ તૈયાર કરેલી દરખાસ્ત મંજુર કરાતા કાનજી ઉર્ફે આકાશ ઉર્ફે અકી કોટડીયાને અમદાવાદ મદ્યથ જેલમાં ધકેલાયો

રાજકોટ મિરર તા.૨

શહેર માં ૫૦ થી વધારે ફોરવ્હીલ કાર ભાડેથી મેળવી છેતરપીંડીથી બારોબાર કાર વેચી નાખનાર શખ્સને ક્રાઈમ બ્રાંચ પોલીસે તૈયાર કરેલી પાસા દરખાસ્તને પોલીસ કમિશનર દ્વારા મંજુર કરવામાં આવતા અમદાવાદ મધ્યથ જેલમાં ધકેલી દેવાયો છે.

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝા,એડીશ્નલ પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગરીયા, નાયબ પોલીસ કમિશ્નર (કાઈમ) પાર્થરાજસિંહ ગોહિલ, મદદનીશ પોલીસ કમિશ્નર (કાઈમ).બી.બી.બસીયાનાઓએ કરેલ સુચના અન્વયે રાજકોટ શહેર ક્રાઈમ બ્રાન્ચ દ્વારા પાસા દરખાસ્ત તૈયાર કરીને મોકલાઈ હતી. જે પોલીસ કમિશ્નર દ્વારા મંજુર કરવામાં આવતા કાનજી ઉર્ફે આકાશ ઉર્ફે અકી ગોગનભાઈ કોટડીયા (રહે. કોઠારીયા ગામ પાસે, ખોડલધામ સોસાયટી ગેઈટ નં.૨, કમલેશભાઈ કોરાટના મકાનમાં ભાડેથી, કોઠારીયા રોડ, રાજકોટ)ને પકડી પાસા વોરંટની બજવણી કરી અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે મોકલી દેવાયો છે.અગાઉ પણ આ શખ્શ કાનજી ઉર્ફે આકાશ ઉર્ફે અકી કોટડીયા સામે ભક્તિનગર પોલીસ મથક, બી. ડીવીજન પોલીસ મથક, ગાંધીગ્રામ પોલીસ મથક અને રાજકોટ તાલુકા પોલીસ મથકમાં ગુન્હા નોંધાયા હોઅવનું પોલીસે જણાવ્યું હતું.અકીની પાસા તળે ધરપકડ કરવાની કામગીરીમાં રાજકોટ શહેર ક્રાઈમ બ્રાન્ચ પી.આઈ એમ.આર. ગોંડલીયા,એમ.એલ. ડામોર, સી.એચજાદવ અને પી.એસ.આઈ વી.ડી.ડોડીયા અને એ.એસ.આઈ.ચેતનભાઈ ચાવડા, ભરતભાઈ વનાણી, હેડ.કોન્સ, કનકસિંહ સોલંકી, ચેતનસિંહ ગોહીલ ઉમેશભાઈ ચાવડા, ગીરીરાજસિંહ જાડેજા પોલીસ અને પી.સી.બી શાખાના એ.એસ. આઈ રાજુભાઈ દહેકવાલ, હેડ.કોન્સ. ઈન્દ્રજીતસિંહ સીસોદીયા દ્વારા કરવામા આવી હતી.

### અપમૃત્યુની ઘટનાઓનો સિલસિલો યથાવતઃ વધુ પાંચ પરિવારોએ ગુમાવ્યા સ્વજન

# માસુમ બાળક અને ત્રણ યુવાનો માટે 'કાળ' બનીને ત્રાટક્યો 'ટ્રક'

### રાજકોટ માધાપર ચોકડી, કુવાડવા, મોરબીમાં બનેલી ઘટનાઓઃ તમામે સિવિલ હોસ્પિટલમાં લીધો અંતિમ શ્વાસઃ એક યુવાન માટે ઘોડાની લાત્ત બની ગઈ મોતનું કારણ

રાજકોટઃ વાહન અકસ્માતની સતત બની રહેલી ઘટનાઓ વચ્ચે વધુ આવા ત્રણ બનાવો બન્યા છે. જેમાં એક છ વર્ષના બાળક, ત્રણ યુવાન સહિત ચારના જીવ ગયા છે. અન્ય બનાવમાં ઘોડાની લાત એક યુવાન માટે જીવલેણ બની ગઇ હતી. બે અકસ્માતમાં ટ્રક કાળરૂપ બની ગયા હતાં. આ ટ્રક ચાર પરિવારોના આધારસ્તંભ છીનવી લેવામાં જવાબદાર બન્યા હતાં. વિગતો પર નજર કરીએ તો રાજકોટમાં માધાપર ચોકડી પાસે બાઇક સ્લીપ થઇ જતાં માતા, મામા સાથે બેઠેલા છ વર્ષનો બાળક ફંગોળાઇ ગયા બાદ ટ્રકની ઠોકરે આવી જતાં કમકમાટી ભર્યુ મોત થયું હતું. તેના માતા અને મામાનો બચાવ થયો હતો. વિસ્તૃત માહિતી અનુસાર ગુંદાસરા ગામે માતા સંગીતાબેનના ઘરે ત્રણેક મહિનાથી રહેતી મુળ બિહારની બાવીસ વર્ષની ખુશી પંકજ ચૌધરી નામની પરિણીતા ગત સાંજે પોતાના કુટુંબી ભાઇ વિક્રમના બાઇકમાં બેસી પોતાના દિકરા છ વર્ષના દિકરા હાર્દિકને સાથે લઇ બીજા સગાઓ સાથે અલગ અલગ બાઇકમાં રાજકોટ આટો મારવા અને ગોલો ખાવા આવ્યા હતાં. રાતે સાડા નવેક વાગ્યે માધાપર ચોકડીએ બધા પહોંચ્યા ત્યારે સ્પીડ બ્રેકર પર બાઇક સ્લીપ થતાં ચાલક વિક્રમ, પાછળ બેઠેલી બહેન ખુશી અને ભાણેજ વિક્રમ એમ ત્રણેય ફંગોળાઇ ગયા હતાં.





આ વખતે વિક્રમ દૂર ફેંકાઇ ગયો હતો અને એ વખતે જ ટ્રક આવી જતાં તેની ઠોકરે ચડી ગયો હતો. ગંભીર ઇજા થતાં હાર્દિકને બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ તેને તબિબે મૃત જાહેર કરતાં કલ્પાંત સર્જાયો હતો. સિવિલ હોસ્પિટલ ચોકીના રામશીભાઇ, ચંદ્રસિંહ, ધર્મેન્દ્રભાઇ, ભાવેશભાઇ, તૌફિકભાઇએ ગાંધીગ્રામ પોલીસને જાણ કરી હતી. હાર્દિક માતા-પિતાનો એકનો એક પુત્ર હતો. તેના પિતા પંકજ ચૌધરી હાલ બિહાર ખેતી કરવા ગયા હોઇ તે માતા સાથે ગુંદાસરા ગામે નાના-નાનીના ઘરે રહેતો હતો. લાડકવાયાના મોતથી પરિવારમાં શોક છવાઇ ગયો હતો.

બીજી ઘટનામાં રાજકોટના કુવાડવા નજીક ટ્રક કાળ બની ગયો હતો. જેમાં ટ્રકચાલકે મોટરસાઇકલને ઉલાળી દેતાં તેના ચાલક રાજકોટ ગ્રીનલેન્ડ ચોકડી પાસે રહેતાં યુવાનનું ગંભીર ઇજા થતાં મોત નિપજયું હતું. વિગતો અુનસાર ગ્રીનલેન્ડ ચોકડી પાસે શીવનગર-૧માં રહેતાં કરસનભાઇ આંબાભાઇ બાવળીયા નામના ચાલીસ વર્ષના યુવાન સાંજે બામણબોર તરફથી રાજકોટ ઘરે પોતાના બાઇક પર આવી રહ્યા હતાં ત્યારે કુવાડવા માધવ હોટલ પાસે અજાણ્યા ટ્રકે બાઇકને ઠોકરે ચડાવતાં તેમને ગંભીર ઇજા થતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મોત નિપજ્યું હતું. કરસનભાઇ બામણબોર પાસે ભરડીયામાં નોકરી કરતાં હતાં. તે ચાર ભાઇ અને બે બહેનમાં મોટા હતાં. સંતાનમાં બે પુત્ર અને બે પુત્રી છે. અકસ્માત સર્જી ટ્રક મુકી ચાલક ભાગી ગયો હતો. મોભીને ગુમાવી દેતાં બાવળીયા પરિવારમાં શોક વ્યાપી ગયો હતો.

ત્રીજી કાળમુખી ઘટના મોરબીમાં બની હતી. જેમાં એક ટ્રક બે પરિવારના યુવાન દિકરાઓના મોતનું કારણ બન્યો હતો. એક યુવાનનું ઘટના સ્થળે અને બીજાનું રાજકોટની સિવિલ હોસ્પિટલમાં મૃત્યુ થયું હતું. વિગતો જોઇએ તો મોરબીમાં ઘુંટુ રોડ ઉપર કાળમુખા ટ્રક ટ્રેલર ચાલકે બાઈકને હડફેટે લેતા બાઈક ચાલક યુવાનનું ઘટના સ્થળે જ મૃત્યુ નીપજ્યું હતું. જ્યારે બાઈક પાછળ બેઠેલા યુવાનને ગંભીર ઈજાઓ પહોંચતા પ્રથમ મોરબી બાદ રાજકોટ સિવિલમાં ખસેડવામાં આવ્યા સારવાર દરમિયાન મૃત્યુ નિપજ્યુ હતું. વધુ માહિતી અનુસાર ઘુંટુ રોડ ઉપર સાંજના સમયે બાઈક લઈને જઈ રહેલા ઈન્દિરાનગર વિસ્તારમાં રહેતા અઢાર વર્ષના સાવન મામજીભાઈ પાટડીયા તેમજ એકવીસ વર્ષના યશ રમેશભાઈ માજુસા નામના યુવાનના બાઈકને ટ્રક ટ્રેલર ચાલકે હડફેટે લેતા સાવનનું ઘટનાસ્થળે જ મૃત્યુ નીપજ્યું હતું. જ્યારે યશને પ્રથમ મોરબી સિવિલ બાદ વધુ સારવાર માટે રાજકોટ સિવિલમાં ખસેડવામાં આવતા સારવાર દરમિયાન મૃત્યુ નીપજ્યું હતું. બનાવ અંગે સીટી બી ડિવિઝન પોલીસે ગુન્હો નોંધવા તજવીજ કરી હતી. મૃત્યુ પામનાર યશ ત્રણ ભાઈ અને એક બહેનમાં મોટો હતો અને છુટક મજૂરી કરતો હતો.

અપમૃત્યુની ચોથી ઘટનામાં રૈયા ગામમાં આવેલા મહેન્દ્રભાઈના તબેલામાં રહી ત્યાં ઘોડાની દેખરેખનું કામ સંભાળતા તેજસિંહ અમનસિંહ ઈન્ડા નામના ઓગણચાલીસ વર્ષના યુવાનને રાતે સાડા નવેક વાગ્યે તબેલામાં ઘોડાએ પાછળના બંને પગેથી લાત મારી પછાડી દેતાં ગંભીર ઇજા થતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ જીવ બચી શક્યો નહોતો. મૃત્યુ પામનાર તેજસિંહ મુળ રાજસ્થાન જોધપુરના વતની હતાં. અહિ કેટલાક સમયથી રહી ઘોડાની દેખરેખનું કામ કરતાં હતાં. રાતે ઘોડાના પગમાં નાલ ફીટ કરતી વખતે આ બનાવ બન્યો હતો. તે ચાર ભાઈ અને ત્રણ બહેનમાં મોટા હતાં. સંતાનમાં એક પુત્ર છે. બનાવથી પરિવારજનોમાં શોક છવાઈ ગયો હતો. આ ઘટના બારામાં ગાંધીગ્રામ પોલીસે આકસ્મિક મૃત્યુની નોંધ કરી હતી.

# રોડ પર દોડી રહેલી નવેનવી સીએનજી રિક્ષા અચાનક ભડકો થઇઃ ચાલક દાઝયો

### ચાર મહિના પહેલા જ ખરીદેલી રિક્ષામાં આગ ભભૂકીઃ મોરબીની ઘટના

રાજકોટઃ આગની ઘટનાઓ હાલમાં વધી ગઇ છે ત્યારે એક બનાવમાં પુરપાટ દોડી રહેલી સીએનજી રિક્ષા એકાએક ભડકો થઇ ગઇ હતી. જેના કારણે ચાલક યુવાન ગંભીર રીતે દાઝી ગયો હતો.

વિગતો પર નજર કરીએ તોઅ ા બનાવ મોરબીમાં ઘુંટુ કેનાલ પાસે બન્યો છે. જેમાં નવે નવી સીએનજી રિક્ષા દોડતી હાલતમાં સળગી જતાં લોકો સળગતી રિક્ષા જોવા દોડી આવ્યા હતાં.

મોરબીના આંદરણા ગામે રહેતાં પાંત્રીસ વર્ષના વસંતભાઇ અમરશીભાઇ ચાવડા પોતાની સીએનજી રિક્ષા હંકારી મોરબી યાર્ડમાં બકાલુ ભરવા જઇ રહ્યા હતાં ત્યારે મોરબી ઘુટુ કેનાલ પાસે રોડ પર પહોંચ્યા તે વખતે અચાનક રિક્ષાના હેન્ડલ પાસે પ્લાસ્ટીકના ભાગમાં ભડકો થયો હતો અને જોતજોતામાં રિક્ષા સળગવા માંડતાં વસંતભાઇ દાઝી ગયા હતાં.

સળગતી રિક્ષાને વસંતભાઇએ માંડ કરીને ઉભી રાખી હતી અને તે નીચે ઉતરી ગયા હતાં. બનાવને પગલે લોકો ભેગા થઇ ગયા હતાં અને ફાયર બ્રિગેડને જાણ કરી હતી. વસંતભાઇને મોરબી સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા છે. તે ત્રણ ભાઇમાં મોટા છે અને સંતાનમાં બે પુત્ર છે. તેના કહેવા મુજબ હજુ ચાર મહિના પહેલા જ નવી સીએનજી રિક્ષા લીધી છે.

આગ કઇ રીતે લાગી તે પોતાને ખબર નથી. મોરબી તાલુકા પોલીસ વધુ તપાસ શરૂ કરી હતી. આગનું કારણ જાણવા મળ્યું નહોતું.

### શહેર ટ્રાફિક પોલીસ એવુ ઇચ્છે છે કે વાહનચાલકો નિયમોનું પાલન કરે, પણ અમુકને કોઇ અસર નથી

# દંડનો દંડોઃ એક અઠવાડીયામાં ૧૩૫૪ વાહનચાલકો ઝપટે ચડ્યા

### નિયમોનો ભંગ કરનારા, કારમાં કાળી ફિલ્મો રાખનારાને પકડવા સતત સાત દિવસ ખાસ કામગીરી કરવામાં આવી

રાજકોટઃ રાજકોટઃ રંગીલા, મોજીલા, મસ્તીલા રાજકોટની પ્રજામાં અમુક એવા પણ છે જેમને કાયદા કાનુન સાથે કંઇ ખાસ લેવા દેવા હોતી નથી. તેમને વાહન ચલાવવાથી લઇને બીજા નિયમોના પાલન કરવાનું લગભગ પસંદ હોતું નથી. અનેક એવા વાહનચાલકો છે જે મસમોટો દંડ વારંવાર ભરશે પણ કાયદાનું ટ્રાફિકના નિયમનું પાલન નહિ કરે. કદાચ આવા જ કારણોસર ટ્રાફિકના નિયમો તોડવામાં અને દંડ ભરવામાં રાજકોટ સદાય અગ્રેસર રહે છે. દર વર્ષે ટ્રાફિક પોલીસ કરોડોનો દંડ અલગ અલગ નિયમ ભંગ માટે વસુલ કરતી હોય છે.

વધુ એક વખત ટ્રાફિક પોલીસે ખાસ ડ્રાઇવ થકી તેરસો પચાસથી વધુ વાહનચાલકોને પકડીને દંડનો દંડો પછાડ્યો હતો. જો કે આમાં અનેક એવા પણ હતાં જે અગાઉ પણ દંડ ભરી ચુક્યા હતાં. વારંવાર નિયમો તોડવાનું તેમને કદાચ કોઠે પડી ગયું હશે!

શહેર ટ્રાફિક પોલીસ દ્વારા રોજબરોજ વાહનચાલકોને તેઓ નિયમોનું પાલન કરે તે માટે સમજ અપાય છે અને સાથે સાથે દંડની કાર્યવાહી પણ કરવામાં આવે છે. ઘણીવાર તો આખુ અઠવાડીયુ ખાસ ડ્રાઇવ યોજવામાં આવતી હોય છે. આવી જ એક ડ્રાઇવ એક અઠવાડીયા સુધી યોજાઇ હતી. જેમાં શહેરમાં કારમાં કાળી ફિલ્મો રાખનારા ચાલકો સામે અને બીજા ટ્રાફિકના નિયમોનું ઉલંઘન કરનારા સામે કાર્યવાહી થઇ હતી. ટ્રાફિક શાખાના ડીસીપી પૂજા યાદવે જણાવ્યું હતું કે પચ્ચીસમી માર્ચથી લઇને પહેલી એપ્રિલ સુધી આ ડ્રાઇવ યોજાઇ હતી.

આ વિશેષ ડ્રાઇવમાં ટ્રાફિક શાખા દ્વારા શહેરભરમાં ટ્રાફિક નિયમન ભંગ કરતાં અને કાળી ફિલ્મ રાખીને નીકળનારા કારચાલકો મળી ૧૩૫૪ વાહનચાલકો સામે કાયદેસરની કાર્યવાહી કરી દંડ વસુલવામાં આવ્યો હતો. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી ટ્રાફિક પૂજા યાદવ, એસીપી વી. જે. પટેલની સુચનાથી ટ્રાફિક શાખાના તમામ પોલીસ ઇન્સ્પેક્ટર અને તેમની ટીમો દ્વારા આ કામગીરી થઇ હતી. અહિ ઉલ્લેખનિય છે કે પોલીસ સતત આવી ડ્રાઇવ યોજતી રહે છે અને દંડ વસુલતી રહે છે. પરંતુ અનેક એવા વાહનચાલકો છે જે છડેચોક નિયમ ભંગ કરતાં રહે છે. મોટે ભાગે નાના વાહનચાલકો જ દંડના ડામનો ભોગ બનતાં હોવાની ફરિયાદો પણ ઉઠતી રહે છે.

# અટીકા ફાટક પાસે ટ્રકની અડફેટે પરપ્રાંતીય યુવાનનું મોત

### ટ્રક ચાલક વિરુધ્ધ માલવિયા પોલીસમાં ગુન્હો

રાજકોટ મિરર તા.૨

શહેરના અટીકા ફાટક પાસે ચાલીને જતા યુવાનને ટ્રક જેના રજી નં. જીજે ૧૩ એએક્સ ૭૭૭૦એ અડફેટે લેતા યુવાનનું ઘટના સ્થળે મોત થતા માલવિયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે કાર્યવાહી કરી છે.

પ્રાપ્ત વિગત મુજબ રનજીત ચૌરાહા શિવ ગુલામ ગાંધીનગર જી. બસ્તી ઉતરપ્રદેશમાં રહેતા પવન કુમાર રામજી નિષાદએ ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે. તેમનો નાનોભાઈ રામકુમાર છેલ્લા ત્રણ મહિનાથી રાજકોટ રહેવા આવ્યો છે. ગત.તા.૨૨ના રાત્રે બે વાગ્યાની આસપાસ આસપાસ તેઓ પોતાના ઘરે હતા ત્યારે તેમના મામા ગંગારામનો ફોન આવ્યો હતો કે રામકુમારનો અટીકા ફાટકે રાજકોટ ખાતે અકસ્માત થતા તેનું મૃત્યુ થયું છે. આ અકસ્માતમાં રાજકુમાર ચાલીને જતો હતો ત્યારે અટીકા ફાટક ક્રોસ કરી ગોંડલ રોડ તરફ જતો હતો ત્યારે જીજે ૧૩ એએક્સ ૭૭૭૦નંબરના ટ્રક ચાલકે પાછળથી આવતા રામકુમારને અડફેટે લેતા, ટ્રકના પાછળના વ્હીલમાં આવી તેમનું જતા ઘટના સ્થળ પર જ મોત થતા મૃતદેહને સિવિલ હોસ્પિટલે લઇ જવાયો હતો. બનાવની ફરિયાદ પરથી માલવિયાનગર પોલીસે ટ્રક ચાલક સામે ગુન્હો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# પોલીસ હેડક્વાર્ટરમાં કારની અડફેટે આવી ગયો સાઇકલસવાર વિદ્યાર્થીઃ હાથમાં ફ્રેકચર

### સગીર સંતાનોને વાહન હંકારવા આપી દેતાં વાલીઓ ચેતેઃ યુનિવર્સિટી પોલીસે સગીરને કાર આપનારા મોટાબાપુ સામે દાખલ કરી ફરિયાદ

રાજકોટઃ શહેરના માર્ગો પર પુરપાટ દોડતા વાહનો તો અકસ્માત સર્જતા જ હોય છે. પરંતુ શહેરના પોલીસ હેડક્વાર્ટરમાં પણ એક અકસ્માત સર્જાયો હતો. જેમાં એક વિદ્યાર્થીનો હાથ ભાંગી જતાં ઓપરેશન આવ્યું છે. જાણવા મળ્યા મુજબ પોલીસ હેડક્વાર્ટરની અંદર વાહન અકસ્માતમાં એક છાત્રને ઇજા થઇ હતી. જાણવા મળ્યા મુજબ રૈયા રોડ પર હનુમાન મઢી પાસે શિવપરામાં રહેતો સ્મીત પંકજભાઇ પરમાર નામનો પંદર વર્ષનો વિદ્યાર્થી સાંજે છએક વાગ્યે સાઇકલ હંકારી પોલીસ હેડક્વાર્ટરમાં જતો હતો ત્યારે સફેદ રંગની કારની ઠોકરે આવી



જતાં ઇજા થતાં સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.

આ બનાવની જાણ સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકી મારફત કરવામાં આવતાં પ્ર.નગર પોલીસે ફરિયાદ દાખલ કરી હતી. વધુ માહિતી અનુસાર સ્મીત આઠમા ધોરણમાં અભ્યાસ કરે છે અને તેના પિતાને રૈયા રોડ પર ખાખરાની દુકાન છે.

તેની સાથે બે મિત્રો પણ હતાં જેમાં એક પોલીસ કર્મચારીનો પુત્ર હતો. એક હાથમાં ઇજા થતાં ઓપરેશન આવ્યું હતું. લાઇનબોય મિત્ર સાથે સ્મીત સાઇકલ ફેરવતો હતો ત્યારે કારની ઠોકરે આવી ગયો હતો.

બીજી તરફ ટ્રાફિકના નિયમોના ભંગ બદલ પોલીસ દરરોજ કાર્યવાહી કરતી રહે છે. દરમિયાન વાયરલ થયેલા એક વિડીયોને આધારે પોલીસે સગીર ભત્રીજાને કાર હંકારવા આપનારા કાર માલિક મોટાબાપુ વિરૂધ્ધ ગુનો દાખલ કર્યો છે. આ મામલે યુનિવર્સિટી પોલીસ મથકના હેડકોન્સ. ક્રિપાલસિંહ ઝાલાએ મવડી રોડ ઉદયનગર-૨માં રહેતાં પરેશ દેવાયતભાઇ બાળા સામે પોતાના સગીર વયના ભત્રીજાને ક્રેટા કાર જીજે૦૩એનબી-૪૭૮૭ હંકારવા આપવા બદલ એમવીએક્ટ ૧૮૦ મુજબ ગુનો નોંધી કાર્યવાહી કરી છે. ક્રિપાલસિંહ ઝાલાએ ફરિયાદમાં જણાવ્યું છે કે નવા ૧૫૦ ફુટ રીંગ રોડ પર અટલ સરોવર પાસેના રોડ પર એક શખ્સ કારમાં સ્ટંટ કરતો હોય તેવો વિડીયો સોશિયલ મિડીયામાં વાયરલ થયો હતો. તેની તપાસ કરતાં આ વિડીયો ૩૧/૩/૧૪ના રોજનો હોવાનું અને કારચાલક સગીર હોવાનું જણાઇ આવ્યું હતું. આ કાર તેના મોટાબાપુ પરેશ બાળાની હોવાનું ખુલતાં તેણે કાયદા વિરૂધ્ધ સગીર ભત્રીજાને કાર હંકારવા આપી હોઇ ગુનો નોંધવામાં આવ્યો હતો.

બીજા વાલીઓએ આ બનાવ પરથી ચેતી જવું જરૂરી છે કે જેઓ પોતાના સગીર સંતાનોને વાહનો હંકારવા આપી દે છે.

# વધુ એક સગીરા ગૂમઃ પડોશી શખ્સ પણ થયો ગાયબઃ અપહરણનો ગુનો

### જામનગર રોડ વિસ્તારનો શખ્સ મુળ ઉત્તરપ્રદેશના પરિવારની દિકરીને ભગાડી ગયાની ગાંધીગ્રામ પોલીસમાં ફરિયાદ

રાજકોટઃ શહેરમાંથી વધુ એક સગીરા ગૂમ થઇ ગઇ છે. સગીર ગૂમ થવાના કિસ્સામાં નિયમ અનુસાર પોલીસે અપહરણની એફઆઇઆર દાખલ કરીને તપાસ શરૂ કરી છે. જામનગર રોડ વિસ્તારમાં રહેતી પંદરવર્ષની સગીરા ગૂમ થઇ હતી. તપાસ થતાં તેણીને પ્રેમજાળમાં ફસાવી પાડોશી શખ્સ ભગાડી ગયાનું સામે આવતાં ગાંધીગ્રામ પોલીસમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.

વિગતો પર નજર કરીએ તો મુળ ઉત્તરપ્રદેશ હાલ જામનગર રોડ વિસ્તારમાં પરિવાર સાથે રહેતી પંદર વર્ષની સગીરા રાત્રે પોતાના ઘરેથી નિકળ્યા બાદ પરત ન આવતા તેની માતા સહિતના પરિવારજનોએ સગીરાની શોધખોળ હાથ ધરી હતી એ દરમ્યાન અઠવાડીયા પહેલા બાજુમાં રહેતો જયરાજ કાઠી નામનો શખ્સ સગીરા સાથે સંપર્કમાં આવતા તે ભગાડી ગયાની જાણ થઇ હતી. અગાઉ માતાને આ બાબતે જાણ થતાં તેણીએ દિકરીને જયરાજ સાથે સંબંધ મુકી દેવા કહયુ હતું. હાલમાં જયરાજ કાઠી પણ તેના ઘરે હાજર ન હોઇ તેથી સગીરાને જયરાજ ભગાડી ગયો હોવાનું જાણવા મળતા ગાંધીગ્રામ પોલીસમાં જાણ કરતા પોલીસે સગીરાની માતાની ફરિયાદ પરથી અપહરણની કલમ હેઠળ ગુનો દાખલ કરી ઇન્ચાર્જ પોલીસ ઇન્સ્પેક્ટર વી.આર. વસાવાએ કાર્યવાહી હાથ ધરી હતી.

# લોધિકાના સાંગણવા, ચીભડા, મેટોડામાં રવિવારે કાયદા જાગૃતિનો કાર્યક્રમ

### વધુને વધુ લોકોને કાર્યક્રમનો લાભ લેવા અનુરોધ

રાજકોટ મિરર, ખીરસરા(રણમલ), તા.૨

ગ્રામ્ય વિસ્તારની પ્રજા કાયદા અંગે સવિસ્તાર જાણકારી મેળવે તે હેતુથી લોધિકા પંથકના ગામડાઓમાં આગામી રવિવારને તા.૬ના રોજ લીગલ અવર્નેશના કાર્યક્રમનું આયોજન કરાયું છે. ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ અમદાવાદના માર્ગદર્શન હેઠળ જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ રાજકોટ અને તાલુકા કાનૂની સેવા સમિતિ લોધીકા દ્વારા તા.૬ને રવિવારના રોજ લોધીકા તાલુકાના ગામડાઓમાં મોબાઈલ લીગલ સર્વિસ વાન મારફતે લોકોને કાયદાકીય સલાહ તેમજ સહાય મળી રહે અને લીગલ સર્વિસીઝ ઓથોરિટી એક્ટ મુજબ મળવા પાત્ર સહાય તેમજ સલાહ અંગે લોકો માહિતગાર બને તે હેતુથી સાંગણવા ગામે સવારે ૧૧:૩૦ કલાકે ચિભડા ગામે બપોરે ૨:૩૦ કલાકે તેમજ મેટોડા ગામે સાંજે ૪:૦૦ કલાકે તા.૬ના રોજ મોબાઈલ વાન દ્વારા લીગલ અવેરનશ કાર્યક્રમનું આયોજન કરાયું છે. આ કાર્યક્રમમાં ગામના વધુને વધુ લોકો જોડાય અને કાયદાકીય માર્ગદર્શન મેળવે તે માટે જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ રાજકોટ દ્વારા અનુરોધ કરાયો છે.

# ગેરકાયદે વીજ જોડાણ ધરાવતા ૧૦ બુટલેગરોને ફટકારાયો ૩ લાખનો દંડ

### માલવિયાનગર પોલીસે PGVCL સાથે રહીને વીજચોરી સબબ કરાવી દંડાત્મક કાર્યવાહી

રાજકોટ મિરર તા.૨

પ્રોહિબીશનની ગેરકાયદે પ્રવુત્તિ સાથે સંકળાયેલા અને વીજચોરી કરતા ૧૦ શખ્શોના ઘરે વીજતંત્રને સાથે રાખી માલવિયા નગર પોલીસે ત્રાટકીને શિક્ષાત્મક કાર્યવાહીના ભાગરૂપે રૂ.૩,૦૦,૦૦૦નો દંડ કરાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પ્રાપ્ત વિગત મુજબ ગુજરાત રાજય પોલીસ મહાનિર્દેશકના હુકમ મુજબ રાજકોટ શહેર પોલીસ અધિક પોલીસ કમીશ્નર મહેન્દ્ર બગડીયા, નાયબ પો.કમી. જગદીશ બાંગરવા ઝોન - ૨ મદદનીશ પો.કમી. બી.જે.ચૌધરી દક્ષીણ વિભાગ સ્થાનીક પોલીસ અને વહીવટી તંત્રના માધ્યમથી વારંવાર ગુન્હા આચરતા શખ્શો વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવા આદેશો આપ્યા હતા. તે અનુસંધાને અવાર-નવાર પ્રોહિબીશનના ગુન્હાઓ આચરતા શખ્શોના ઘરે વીજ કનેકશન બાબતે તપાસ કરાવવા પી.જી.વી.સી.એલની ટીમને જાણ કરી રાહબરી હેઠળ સર્વેલન્સ સ્ટાફના પી.એસ. આઈ. પી.વી.ડોડીયા, સર્વેલન્સ સ્ટાફના કર્મચારીઓ અને માલવીયાનગર પોલીસ સ્ટેશનના કર્મચારીઓની ટીમો બનાવી હતી. અને પી.જી.વી.સી.એલ લક્ષ્મીનગર સબ ડીવીજનના નાયબ ઇજનેર એ.એમ.વાઘેલા અને જુનિયર ઇજનેર કે.જે.રૂપાપરા, લાઇન ઇન્સ્પેક્ટર એન.એન.સીંધવ,



ઈલેકટ્રીક આસીટન્ટ કે.બી.પરમારની ટીમ સાથે આજે માલવીયાનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં કે.કે.વી.હોલ પાછળ મફતીયાપરામાં અવાર નવાર પ્રોહિબીશનના ગુન્હા આચરતા ૧૦ શખ્શોના મકાન પર ત્રાટકી વીજકનેકશન ચેક કરાવ્યા હતા. આ સમયે ૪ જગ્યાએ વીજજોડાણમાં ગેરરીતી બહાર આવતા તેઓના વીજ કનેકશન ડીશકનેકટ કરાવ્યા હતા. જ્યારે ૬ જગ્યાએથી વીજચોરી પકડાતા તમામ વિરુધ્ધ પી.જી.વી.સી.એલની ટીમએ કાયદેસરની કાર્યવાહી કરી રૂ.૩,૦૦,૦૦૦નો દંડ ફટકાર્યો હતો.


# હવસખોરે પિતરાઇ બહેન સાથે દૂષ્કર્મ આચર્યુઃ ફોટા-વિડીયો કર્યા વાયરલ

## અરબાઝ મન્સુરીએ બહેનના નામનું નકલી આઇડી બનાવી તેમાં બિભત્સ સાહિત્ય વહેતુ કર્યુઃ પહેલા સગાઇની વાત થઇ હતી પણ બીજે લગ્ન થઇ જતાં વિફર્યો

રાજકોટઃ ઇન્ટરનેટ અને સોશિયલ મિડીયાની સુવિધાનો અમુક લેભાગુઓ એવો દુરૂપયોગ કે ખોટો ઉપયોગ કરતાં હોય છે કે તેને તેની આવી કરતૂત જેલ સુધી પહોંચાડી દેવામાં નિમીત બનતી હોય છે. આ પ્રકારના કૃત્ય ગેરકાનુની હોવાનું જાણતાં હોવા છતાં અમુક આવી ભુલ કરી બેસતાં હોય છે અને પછી કાયદાની જાળમાં જકડાઇ જતાં હોય છે. આવી જ એક ચોંકાવનારી અને ફીટકાર વસાવતી ઘટના સામે આવી છે જેમાં એક ઢગાએ પોતાની જ પિતરાઇ બહેનનો અશ્લીલ વિડીયો બનાવી વાયરલ કરી દીધો હતો. વાત અહિથી અટકતી નથી આ હવસખોર શૈતાને બહેન સાથે દૂષ્કર્મ પણ આચર્યુ હતું અને પછી તેણીની ફેક આઇડી બનાવી તેમાં ફોટા વિડીયો અપલોડ કરી દીધા હતાં!

ચકચાર મચાવતી આ ઘટનાની વિગતો પર નજર કરીએ તો આ બનાવ સુરતમાં સામે આવ્યો છે. અહિ પિતરાઈ ભાઈએ પ્રેમજાળમાં ફસાવી હોટલમાં લઈ જઈ સગીર બહને સાથે દુષ્કર્મ આચર્યુ હતું. તેમજ અશ્લીલ ફોટા-વીડિયો ઉતારી સોશિયલ મીડિયા પર વાઇરલ કરી બદનામ કરતાં પોલીસે ઉન સિદ્દિકનગરના અરબાઝ યુસુફ મંસુરીની ધરપકડ કરી હતી. પચાસ વર્ષીય મહિલા મૂળ બિહારની વતની છે. સંતાનમાં આઠ બાળકો છે. ઉન પાટિયામાં રહેતી નણંદ એક વર્ષ પહેલાં તેના દીકરા અરબાઝની સગાઈ મહિલાના પુત્રી સાથે કરાવવા ઈચ્છતી હતી. બાદમાં તેઓએ જ સગાઈની ના પાડી દીધી હતી. બીજી તરફ તેમની દીકરીના અન્ય યુવક સાથે લગ્ન પણ થઇ ગયા હતા. પોલીસે આ અંગે વધુમાં જણાવ્યા અનુસાર રમજાનની બડી રાતે તેમનો દીકરો મળસ્કે મોબાઈલ જોતો હતો ત્યારે ઈન્સ્ટાગ્રામની એક આઈડીમાં પોતાની બહેનના ફોટા જોયા હતા.

કપડાં ઉતારતા ફોટા તથા અશ્લીલ વીડિયો જોઈ તે ચોંકી જતા પરિવારને આ ફોટા-વીડિયો બતાવ્યા હતા. આઈડી પીડિતાના નામે જ બનાવ્યું હતું. બિહાર રહેતી પીડિતાને પૂછતા તેણીએ આઇડી પોતાની નહિ હોવાની સાથે જણાવ્યું કે, અરબાઝ સાથે સગાઈ નહિ થયા બાદ પણ અરબાઝ વારંવાર ઘરે આવતો હતો. મીઠી-મીઠી વાતો કરી પ્રેમજાળમાં ફસાવી હતી. ગત વર્ષે રમજાનમાં એક હોટલમાં લઈ ગયો હતો. જ્યાં મરજી વિરુદ્ધ બદકામ કર્યુ હતું. પ્રતિકાર કર્યો તો પટ્ટા વડે માર માર્યો હતો અને અશ્લીલ ફોટા-વીડિયો મોબાઈલમાં કેદ કરી લીધા હતા. પીડિતાના અન્ય સાથે લગ્ન થઈ જતાં બદલો લેવા પોતાની સાથેના અશ્લીલ ફોટા-વીડિયો વાઇરલ કરી દીધા હતા. પોલીસે ઓગણત્રીસ વર્ષીય અરબાઝની ધરપકડ કરી હતી. હવે લિંબાયત પોલીસ અરબાઝની આ બાબતે વધુ પૂછપરછ કરી રહી છે. આ પ્રકારના રોજબરોજ સામે આવતાં કિસ્સામાં આ વધુ એક બનાવે ચકચાર જગાવી છે.





### બીજી એક ચોંકાવનારી ઘટનામાં બાકીમાં સિગારેટ ન દેતાં દુકાનદાર પર કરાયો એસિડ એટેક! ભાવનગરના રાકેશની થઇ ધરપકડ

બીજી એક ચોંકાવનારી ઘટનામાં સુરતમાં સામાન્ય બાબતમાં એસિડ એટેક કરવામાં આવ્યો હતો. જેમાં કાપોદ્રા વિસ્તારમાં પાનનો ગલ્લો ચલાવતા દુકાનદારે ઉધારમાં સિગરેટ આપવાની ના કહેતા રત્નકલાકાર દ્વારા દુકાનદાર પર એસિડ ભરેલી બોટલ ફેકવામાં આવી હતી, જેના કારણે દુકાનદાર દાઝી ગયો હતો.

આ ઘટના અંગે જાણ થતા કાપોદ્રા પોલીસ દ્વારા ગણતરીના કલાકોમાં આરોપી યુવકને ધરપકડ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે કહ્યું હતું કે સત્યનારાયણનગર સોસાયટી ખાતે શીવશક્તિ શેરી પાસે રામપ્યારે રામોહી કુશવાહ પંડીત પાન સેન્ટર નામથી પાનનો ગલ્લો ચલાવે છે. રાત્રે આરોપી રત્નકલાકાર રાકેશ બાબુભાઇ બારૈયા ગલ્લે આવી રામપ્યારે પાસે ઉધારમાં સિગરેટ માંગતા દુકાનદારે આપવાની ના કહી હતી. ત્યારબાદ થોડી વારમાં એક બોટલમાં એસીડ જેવુ પ્રવાહી લાવી બિભત્સ ગાળો આપી દુકાનદાર કઇ સમજે તે પહેલા રાકેશ એસિડ જેવુ પ્રવાહી દુકાનદારના મોઢા અને માથા ઉપર ફેંક્યું હતું.

એસિડ ફેંકવાના કારણે દુકાનદારની ડાબી બાજુના ગાલ ઉપર માથામાં અને ડાબા હાથના બાવડાના ભાગે દાઝી જતા ઇજા થઈ હતી. ત્યારબાદ આરોપી રાકેશ ભાગી ગયો હતો.

દુકાનદારે પ્રાથમિક સારવાર લીધા બાદ કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં આ મામલે રાકેશ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી. કાપોદ્રા પોલીસ દ્વારા ગણતરીના કલાકોમાં સાડત્રીસ વર્ષના આરોપી રાકેશ ઉર્ફે ઠંડી બાબુભાઇ બારૈયા હાલ-સુરત મુળ વતન-રાજપરા તા. જેસર જી. ભાવગનરની ધરપકડ કરી હતી. સિગરેટ આપવાની ના કહેતા ઉશ્કેરાઈ જઈ આ પગલું ભર્યું હોવાનું આરોપી રત્નકલાકાર રાકેશે કબૂલાત આપી હતી. રાકેશ સામે મહીધરપુરા, પુણા, સરથાણા, કાપોદ્રા અને વલસાડમાં પણ અગાઉ ગુના નોંધાયા હતાં.

### મને મળતી રહેજે, મળીશ તો માલામાલ કરી આપીશ તેવું કહી

# રીક્ષા ચાલકનું ૨ સંતાનોની માતા સાથે અનેક વખત દુષ્કર્મ

## હવસખોર રાજુ બાંભવા વિરુદ્ધ માલવિયાનગર પોલીસમાં ગુન્હો

રાજકોટ મિરર તા.૨

શહેરના મોટા મૌવા પાસે રહેતા બે સંતાનોની માતા પાછળ પાછળ રીક્ષા ચાલકે પીછો કરી ચીઠીમાં નંબર લખી અવાર નવાર મળવા બોલાવી ફલેટ તારા નામે કરી દઈસ અને માલામાલ કરી આપવાની લાલચે શરીર સબંધ બાંધી જાનથી મારી નાખવાની ધમકીઓ આપતા માલવિયા નગર પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે રીક્ષા ચાલક વિરુધ્ધ કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગત મુજબ કાલાવડ રોડ પર રહેતી ૩૨ વર્ષની, બે સંતાનોની માતા એવી પરિણીતાએ જણાવ્યું હતું કે તેઓ માતા-પિતા સાથે રહે છે તેમના પતિ છૂટક મજૂરી કામ કરે છે. ૨૦૨૪ની શરૂઆતના મહિનામાં નાનામૌવા વિસ્તારમાં ભાડેથી તેમના પતિ સાથે રહેતા હતા. અને નોકરીવાળી જગ્યાએથી સાંજના સમયે તેમનું એકટીવા લઈને જતા ત્યારે રૈયા ગામ ૧૨,૧૩ના ખૂણા પાસે રહેતો રાજુ બાંભવા નામનો શખ્સને નાના મૌવા ચાર રસ્તા પરથી ચાની લારી હોય તે તેમની સામું જોઈ રહેતો અને ઓટોરિક્ષા લઈ અવારનવાર તેમની પાછળ આવતો હતો.

એક દિવસ બાઈક લઈને નોકરી પર જતા હતા ત્યારે બિગ બજાર ચાર રસ્તા પર ટ્રાફિક સિગ્નલ હોવાથી રાજુ બાંભવા આવી તેને ઓટો રીક્ષા બાઈકની બાજુમાં ઊભી રાખી એક ચિઠ્ઠી આપેલી હતી.તે ચીઠી લઈને નોકરી સ્થળે પરિણીતા ગઈ હતી. અને રાજુ બાંભવાએ આપેલ ચિઠ્ઠીમાં તેમના નંબર લખ્યા હતા પરંતુ તેઓએ ફોન કરેલ ન હતો. બીજા દિવસે રાજુ બાંભવા તેમની રીક્ષા લઈને દવાખાના સુધી તેમની પાછળ આવતા તેઓ કંટાળીને રાજુ બાંભવા એ આપેલા નંબર પર ફોન કરી તમને કહ્યુ હતું કે બોલો ભાઈ, તેમ કહેતા રાજુ બાબુભાઈ કહ્યું હતું કે હું તને પ્રેમ કરું છું અને તારા પતિને પણ સારી રીતે ઓળખું છું તેમ કહેતા તેણીએ કહ્યુ હતું કે હું બે દીકરીની માતા છું. મને હેરાન ન કરો તેમ કહી ફોન કાપી નાખેલ હતો.

થોડીવાર પછી રાજુ બાંભવાએ ફોન કરી કહ્યું હતું કે હું તને પ્રેમ કરું છું તારે એકવાર તો મને મળવું જ પડશે નહીતર તારા ક્વાર્ટરમાં આવી ફજેતો કરીશ. તારા પતિને પણ કહીશ કે તારી પત્ની મારી સાથે ચાલુ છે, તેમ કહેતા તેઓ ગભરાઈ ગયા હતા અને ત્યારબાદ ત્રણ-ચાર દિવસ બાદ રાજુ બાંભવા તેમના ઘર પાસે તેણી સામે જોઈ નીકળેલા હતો અને તેમના પતિને આ કોઈ વાતની ખબર પડે તો તેમનું ઘર ભાંગી જશે તેનું વિચારી રાજુ બાંભવા સાથે ફોનમાં વાત કરવા લાગ્યાને તેમની સાથે અવારનવાર ફોનમાં વાત કરતા હતા આવી રીતે પાંચ થી છ દિવસ વાત કરી હતી ત્યારબાદ તેમને એવું લાગ્યું હતું કે જો આ વાતની મારા પતિને ખબર પડશે તો મારું ઘર ભાંગશે જેથી બીકની હિસાબે તેઓએ નક્કી કરેલ કે રાજુ બાંભવાને મારે મળવું છે.

ત્યારબાદ બીજા દિવસે રાત્રિના સમયે રાજુ બાંભવાને મળવા સર્કલથી તેમને ઓટોરિક્ષામાં બેસાડી બસ સ્ટેન્ડ વિસ્તારમાં લઈ ગયા હતા અને સોનાના દાગીના અને ફલેટ આપવાની લાલચ આપી હતી અને તે તેના કહેવાથી તેમની વાતમાં આવી ગયા અને તે સમયે રાજુ બાંભવા એ તેમને કહ્યું કે મને મળતી રહેજે નહીંતર હું તેને બદનામ કરીશ અને મળીશ તો માલામાલ કરી આપીશ એમ કહેતા તેની વાતમાં આવી બે કલાક બાદ તમને ઘરે મૂકી ગયા હતા

ત્યારબાદ દસેક દિવસ બાદ હોસ્પિટલમાં કામ કરતા હતા ત્યારે અન્ય લોકોને કોઈ પથારીવશ હોય તેની સારવાર જેમકે ડ્રેસિંગ કરવા કે ડાયપર બદલાવા જેવી જરૂરિયાત હોવાથી તે અંગે કામ કરતા અને તે કામ અર્થે સવારના સમયે ગયેલા હતા ત્યાંથી પરત ફરતા રાજુ બાંભવા તેમને મળેલ ને કહેલ કે તારે જો કોઈ ઘર કામ કરવું હોય તો મારા જાણીતા અહીં રહે છે જેથી તેમની સાથે રિક્ષામાં બેસી ચોક વિસ્તારમાં એક ઘરે ગયેલા અને ઘરે જોયું ત્યારે મોટી ઉંમરના દંપતિ હતા તેના ઘરમાં અંદર લઈ જઈ તેમની ઈચ્છા વિરુદ્ધ શરીર સંબંધ બાંધી અને ફરીથી ઓટોરિક્ષામાં બેસાડી મૂકી ગયા હતા.



ત્યારબાદ ઘરે જતા રહ્યા અને ચાર દિવસ બાદ ફરીથી રાજુ બાંભવા તેણીનાવિસ્તારમાં આવેલ અને મકાને લઈ ગયેલ અવાર નવાર ઈચ્છા વિરુદ્ધ શરીર સંબંધ બાંધ્યા હતા આવી રીતે ત્રણથી ચાર વખત અવાવરું જગ્યાએ લઇ જઈ શરીર સબંધ બાંધતો બસ સ્ટેન્ડ વિસ્તારમાં એક ગેસ્ટ હાઉસમાં પણ લઇ જઈ શરીર સબંધ બાંધ્યા હતા.અને રાજુ બાંભવાએ સોનાના દાગીના આપવાને લાલચ આપી કહ્યું હતું કે આવી રીતે મળતી રહેજે નહીંતર બદનામ કરી નાખીશ તેવી ધમકી આપતા આ વાત તેમના પતિને કરી ન હતી ત્યારબાદ રાજુભાઈ બાંભવા અવારનવાર ફોન કરી બોલાવતો હતો અને તેઓએ ખુલી જવાનું કહેતા તેમના પતિને બધું કહી દેવાની ધમકી આપી હતી અને મોબાઈલ ફોન તેમના પતિ પાસે રાખી દીધો હતો ત્યારબાદ તેમના પતિએ તેમનો મોબાઇલ ચેક કરતા તેણીને પૂછ્યું હતું અને હકીકત જણાવી હતી અને રાજુ બાંભવાને ફોન કરી હેરાન ન કરવા જણાવતા રાજુ બાંભવાએ તેની સાથે ઝઘડો કર્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જેથી તેમના પતિએ સાત્વના આપતા રાજકોટ પોલીસ કમિશનર કચેરીમાં રાજુ બાંભવા વિરુધ્ધ અરજી આપી હતી, આ બાબતે રાજુ બાંભવાને ખબર પડતા તેણે તેમની સાથે સમાધાન કર્યું હતું. આ બાબતે પાકું લખાણ પણ કરાવ્યું હતું અને સમાધાન પેટે નક્કી થયેલા રૂપિયા રાજુ બાંભવાએ આપ્યા ન હતા. જેથી રાજુ બાંભવા વિરુદ્ધ માલવિયા નગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા પોલીસે કાયદેસર કાર્યવાહી કરી હતી.

# મનપાના તત્કાલીન ATP અજય વેગડ સામે ગુન્હો નોંધતી ACB

## આવક કરતા ૩૮.૭૬ ટકા વધુએટલેકે રૂ.૭૫,૨૧,૦૯૩ની અપ્રમાણસર મિલ્કતો વસાવી લેતા અજય વેગડ આવ્યો ACBના સાણસામાં : પત્ની અને બાળકોના નામે સંપતિ વસાવ્યાનું આવ્યું બહાર

રાજકોટ મિરર, તા.૨

પોતાની ફરજ દરમિયાન આવક કરતા બેનામી સંપતિ વસાવનાર રાજકોટ મનપાના તત્કાલીન આસીસટન્ટ ટાઉન પ્લાનર અજયભાઈ મનસુખભાઈ વેગડ સામે ગુન્હો નોંધી રાજકોટના એસીબી તંત્રએ તપાસનો ધમધમાટ શરુ કર્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો દ્વારા ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ-૧૯૮૮ (સુધારો-૨૦૧૮) અંતર્ગત સરકારી અધિકારી, કર્મચારીઓ દ્વારા ગેરકાયદેસર અનેકવિધ થીયરી અપનાવી કે સત્તાનો દુરઉપયોગ કરીને બેનામી સંપત્તિ અંગેના ધી પ્રોહિબીશન ઓફ બેનામી પ્રોપર્ટી ટ્રાન્જેકશન એકટ-૧૯૮૮ (સુધારા તા.૩૧/૧૦/૨૦૧૮) અંગેના વધુમાં વધુ કેસો શોધી કાઢવા એસીબી દ્વારા દ્વારા ખાસ શરુ કરી છે.

દરમિયાન રાજકોટ મહાનગરપાલિકાના તત્કાલીન આસીસટન્ટ ટાઉન પ્લાનર(ટી.પી. યુનીટ, હાલઃ નાયબ કાર્યપાલક ઇજનેર, (સિવિલ શાખા), વર્ગ-૨, બાંધકામ શાખા, રાજકોટ મનપા) અજયભાઈ મનસુખભાઈ વેગડની અપ્રમાણસર મિલ્કતની મળેલી ફરિયાદોના આધારે



તપાસ શરુ કરાઈ હતી. આ સમયે એટલેકે

તા.૦૧/૦૪/૨૦૧૪ થી તા.૦૩/૦૬/૨૦૨૪ સુધીના સમયગાળા દરમયાન એટીપીઓ વેગડ પાસેથી મેળવાયેલા દસ્તાવેજી પુરાવાઓ, બેંક ખાતાની વિગતો, વિવિધ સરકારી કચેરીઓમાંથી હાથ કરાયેલી દસ્તાવેજી માહિતી, તેમના નાણાંકીય વ્યવહારોનું નાણાકીય સલાહકાર દ્વારા ખાસ વિશ્લેષણ કરાયું હતું. આ સમયે અજય વેગડએ પોતાની કાયદેસરની ફરજ દરમિયાન પોતાના જાહેર સેવક તરીકેના હોદ્દાનો દુરઉપયોગ કરી, ઈરાદાપુર્વક ગેરરીતી અપનાવી બેનામી સંપતિ વસાવી હોવાનો સુરાગ મળ્યો હતો. એટલુજ નહિ બેનામી સંપતિ અજય વેગડએ પોતાના નામે ઉપરાંત પત્નિ અને બાળકોના નામે સ્થાવર જંગમ મિલ્કતોમાં રોકાણ કર્યું હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ બહાર આવ્યું હતું. આવી બેનામી સંપતિની ગણતરી કરવામાં આવતા આરોપી અજય વેગડે પોતાની આવક કરતા ૩૮.૭૬ ટકા એટલેકે રૂ.૭૫ લાખ, ૨૧ હજાર, ૦૯૩ રૂપિયાની બેનામી સંપતિ વસાવી હોવાનો ઘટસ્ફોટ થયો હતો. શિકારી ખુદ ફસાઈ ગયો હોવાના એસીબી પાસે મજબુત પુરાવાઓ મળી જતા આ વાતની અરજીની તપાસ કરનાર લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો, અમદાવાદના નિયામક પિયુષ પટેલ તેમજ રાજકોટ એસીબીના મદદનીશ નિયામક કે.એચ.ગોહિલના માર્ગદર્શન હેઠળ રાજકોટ એસીબીના પીઆઈ પી.એ. દેકાવાડીયાએ સરકાર તરફે ફરીયાદી બની રાજકોટ શહેર એ.સી.બી. પોલીસ સ્ટેશન ખાતે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ સને-૧૯૮૮ (સુધારો-૨૦૧૮) ની કલમ ૧૩(૧)(બી) તથા ૧૩(૨) ગુજબનો ગુન્હો અજય વેગડ સામે ગુન્હો દાખલ કરાવ્યો છે. જેની વધુ તપાસ પીઆઈ જે.એમ.આલને સોંપાઈ છે. આ કામના આરોપી અજયભાઈ મનસુખભાઈ વેગડએ ચેક પીરીયડ તા.૦૧/૦૪/૨૦૧૪ થી તા.૦૩/૦૬/૨૦૨૪ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના અને પોતાના પરીવારના સભ્યોના અલગ-અલગ બેંક ખાતાઓમાં રૂા.૬૫,૯૭,૦૦૦/- ની રોકડ રકમ જમા કરાવી હોવાનું તપાસ બહાર આવ્યું છે.

### ખાઉધરા સરકારી કર્મચારીઓ અંગે આપો વિગતો

રાજ્યના એસીબી તંત્રે પ્રજાજોગ અનુરોધ કરી જણાવ્યું છે કે, ઉપરોક્ત અજય વેગડના કેસ અંગે તેમજ અન્ય કોઈ સરકારી અધિકારી-કર્મચારીની અપ્રમાણસર, બેનામી મિલ્કતો (જેવી કે ખેતીની જમીન, પ્લોટ, મકાન, ઓફીસ, દુકાન, વાહન, બેંક લોકર, બેંક એકાઉન્ટ વિગેરે) અને જેમના નામે બેનામી મિલ્કતો વસાવાઈ હોય તેવી સચોટ અને વિસ્તૃત માહિતી અંગેની જાણ એ.સી.બી.ના ટોલ ફ્રી નં.૧૦૬૪. ફોન નં.૦૭૯-૨૨૮૬૬૭૭૨, ફેક્સ નં-૦૭૯-૨૨૮૬૯૨૨૮, વ્હોટસએપ નં.૯૦૯૯૯ ૧૧૦૫૫ ઉપર મોકલી આપવા અથવા કચેરી સમય દરમયાન અત્રે રૂબરૂ સંપર્ક કરવા, ઈઉ અથવા પેનડાઇવમાં માહિતી મોકલવા નાગરીકોને અનુરોધ કરાયો છે.

### વીરપુર, જુનાગઢ, મોણપર અને સુરતના શખ્સોએ રૂપિયા પાછા મંગાતા છ રાઉન્ડ ફાયરિંગ પણ કર્યું

# જમીનના સોદાના નામે ખેડૂત સાથે અડધા કરોડની ઠગાઈ

## ગોંડલ ભોજરાજપરાના મહેશભાઈ કોટડીયા સાથે બનાવઃ બી ડિવિઝન પોલીસે FIR દાખલ કરી તપાસનો ધમધમાટ શરૂ કર્યો

રાજકોટ મિરર, તા.૨

છેતરપિંડીની રોજબરોજ સામે આવી રહેલી ઘટનાઓ વચ્ચે એક ચોકાવનારી વધુ ઘટના સામે આવી છે જેમાં એક ખેડૂત સાથે જમીનના સોદાના બહાને વિરપુર, જુનાગઢ, મોણપર અને સુરતના મળી ચાર શખ્સોએ અડધા કરોડની છેતરપિંડી કરી લીધી છે. ખેડૂતને જ્યારે પોતે છેતરાઈ ગયા છે તેની જાણ થઈ ત્યારે પોતાની રકમ પાછી માગતા આ શખ્સોએ રકમ આપવાને બદલે હવામાં છ રાઉન્ડ ફાયરિંગ કરી મારી નાખવાની ધમકી આપતા આ મામલે ગોંડલ બી ડિવિઝન પોલીસે ૪ શખ્સ સામે ફરિયાદ દાખલ કરી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે આ ઘટનાએ ગોંડલ પંથકમાં ચર્ચા જગાવી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગોંડલ ભોજરાજપરા શેરી નં.૧૭/૧૦ તેમજ તક્ષશીલા સોસાયટી યમુના કૃપા શેરી નં. ૩માં રહેતા મહેશભાઇ છગનભાઇ કોટડીયાએ વીરપુરના કરણ ઠુંગા, જૂનાગઢના દિવ્યેશ ભીમજીભાઇ બારડ, મોંણપરના પ્રતાપ જીલુભાઇ ધાધલ અને સુરત-અમરોલીના રૂપેશ સાતકભાઇ નાંઢા સામે ગોંડલ બી ડિવીઝન પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી છે. ફરીયાદમાં જણાવ્યા મુજબ ફરીયાદીના પત્નીના નામનુ ભોજરાજપરા વિસ્તારમાં ૬૬ વારનુ મકાન આવેલ હોઇ અને જે મકાન વેંચવાનુ હોઇ જે મકાન ઉપર બોર્ડ મારેલ હોઇ જેથી આરોપીઓએ ગુનાહીત કાવતરૂ રચી આરોપી કરણે ફરીયાદીની સાથે મકાન વેચવા બાબતે વાત કરી બાદ બીજા આરોપી દિવ્યેશને સાથે લાવી ફરીયાદી સાથે મકાન વેચવા બાબતે વાત કરી બાદ બંનેએ ફરીયાદી સાથે મકાન તથા તેણે આગાઉથી નકકી કરેલ પાર્ટી આરોપી રૂપેશે કાકરીનો ભરડીયો બનાવવા માટે જમીન લેવી હોઇ તેવી માહીતી આપી તથા તેને કોઇ પટેલની જમીન હોઇ તો જ લેવી હોઇ તેમ ફરીને વાત કરી આરોપી દિવ્યેશ અને રૂપેશની ખેતીની જમીન કુલ ૨૫ વિઘા જમીન પૈકી એક વિઘાની કી.રૂ.૨૦/-લાખની એમ કુલ કી.રૂ.૫,૦૦,૦૦,૦૦૦ની જમીન ફરીયાદીને ખરીદવા કહી આરોપી રૂપેશે એક વીઘાની કી.રૂ.૨૮ લાખમાં આપવા માટે વાત કરી તથા ફરીયાદીનુ મકાન કી. રૂ.૧,૨૦,૦૦,૦૦૦નુ ગણી આરોપી રૂપેશના નામે સાટાખત ભરી રૂ.૫૦ લાખ રોકડા આપી દેતા બાદ તુરત જ આરોપી પ્રતાપના સાટાખત કરી આપી જે બાના પેટે રૂપિયા ૪ કરોડ આપવા માટે કહી રૂ.૭,૦૦,૦૦,૦૦૦મા વેંચી દેવાની અને આ જમીનનુ સાટાખત થાય ત્યારે ફરીયાદીએ રૂપેશને રૂ.૧,૦૦,૦૦,૦૦૦ આપવાના તેવુ કહી બાદ આરોપીએ ફરીયાદીને ત્રણ મહીનાની મુદતનુ સાટાખત કરી આપી ફરીયાદીને વિશ્વાસમાં લેવા માટે દિવ્યેશે પણ રૂ.૫૦ લાખ તથા ફરીના રૂ.૫૦/- લાખ એમ કુલ રૂ.૦૧ કરોડ આરોપી પ્રતાપને આપી બાદ ફરીને આરોપી નં-૪ રૂપેશના નામનુ સાટાખત કરી આપવાનુ હોઇ જેથી રૂપેશને કહેતા તેઓએ પૈસા આંગડીયા પેઢી રાજકોટ ખાતે લેવા જવાનુ કહેલ અને જે બાદ કહેલ કે રાજકોટ આંગડીયા પેઢીમાં વધારે કમીશન માંગે છે હુ સુરત ખાતેથી લઇ આવુ બાદ ફરીયાદીએ આરોપીઓને ફોન કરતા ફોન નહી ઉપાડી તથા બીજા ખોટા બાના બનાવીને આરોપીએ દસ્તાવેજ નહી કરતા અને તમામ આરોપીઓએ ગુન્હાહીત કાવતરૂ રચી ફરીયાદીને વિશ્વાસમાં લઇ તેનુ મકાન ખરીદવાનુ અને કરણે તમામ આરોપીને મેળવી પ્રતાપની જમીન વેંચવાનુ સાટા ખત કરાવડાવી લઇ ફરીયાદી પાસેથી રૂ.૫૨,૦૦,૦૦૦ પડાવી અને રૂપેશે પ્રતાપની જમીન ખરીદ નહી કરતા ફરીયાદીએ રૂપેશ પાસે જઇ પોતાના પૈસા માંગતા તેણે પોતાની પાસે રહેલ બંદુક માંથી છ રાઉન્ડ ફાયરીંગ કરતા ફરીયાદીએ ફાયરીંગ શા માટે કરો છો?તેમ કહેતા આરોપીએ કહેલ કે હવે પૈસા કે જમીન લેવા આવતો નહી નહીતર આ તારી સગી નહી થાય અને આ તમારી બાજુ પણ ફુટશે તેવી ગર્ભીત ધમકી આપી ફરીયાદી સાથે ગુન્હાહીત કાવતરૂ રચી અગાઉથી નકકી અને સીધ્ધ કરેલ કાવતરું પાર પાડી વિશ્વાસઘાત છેતરપીંડી કરી હતી. આ ફરીયાદ અન્વયે બી ડિવીઝન પોલીસે ઉકત ચારેય આરોપીઓ સામે ગુન્હો દાખલ કરી તેને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

# CGST રાજકોટ એટલે "જીસકી લાઠી, ઉસકી ભેંસ"



**જે અધિકારીએ પ્રિવેન્ટીવના ડેપ્યુટી કમિશનર પ્રિવેન્ટીવ તરીકે ઓર્ડર કર્યો હોય ત્યારબાદ તે જ અધિકારી જ્યારે એડિશનલ કમિશનર ઓડિટ તરીકે ઓર્ડર કરે અને એ ઓર્ડરને જ્યારે જોઈન કમિશનર અપીલમાં ચેલેન્જ કરવામાં આવે અને જોઈન્ટ કમિશનર તરીકે તે જ અધિકારી હોય તો શું નિર્ણય ન્યાયસંગત રહે ખરા ? અનેક સવાલો**

રાજકોટ, તા. ૨

છેલ્લા ઘણા સમયથી સેન્ટ્રલ જીએસટી વિભાગની કામગીરી ઘણા ખરા પ્રશ્નો ઉભા કરી રહી છે ત્યારે કોઈ પણ વેપારી અથવા તો જીએસટી ટેક્સ કન્સલ્ટન્ટ ને કોઈ સેન્ટ્રલ જીએસટી નું કામ હોય તો તેઓને સતત એ વાતનો જ ડર સતાવતો હોય છે કે શું તેમનું કાર્ય હેમખેમ પૂર્ણ થશે કે કેમ કારણકે ભૂતકાળમાં જે પરિસ્થિતિ ઊભી થઈ હતી તેનાથી અત્યારે લોકો સેન્ટ્રલ જીએસટી કચેરીમાં આવતા પણ કચવાટ અનુભવે છે હાલ આ અંગે જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર સેન્ટ્રલ જીએસટી ની કામગીરીમાં ફેરબદલ કરવામાં આવે તે ખૂબ જરૂરી છે તો જ ભવિષ્યમાં શુચારુ રૂપથી કામ થઈ શકશે. અત્યારે અપીલના કામ હોય કે અન્ય કોઈ સેન્ટ્રલ જીએસટી વિભાગમાં સમયસર કામ ન થતું હોવાની પણ એક નહીં વ્યાપક ફરિયાદો લોકો કરી રહ્યા છે ત્યારે હવે જોવાનું એ રહ્યું કે ભવિષ્યમાં શું આ પરિસ્થિતિ યથાવત રહેશે કે ફેરબદલ થશે. અત્યારે ચોકાવનારી જે માહિતી સામે આવી રહી છે તે મુજબ ભવિષ્યમાં કામગીરી પર ઘણી વ્યાપક અસરો પડે તો પણ નવાઈ નહીં જે અંગે હાલ અનેકવિધ ચર્ચાઓ ચાલી રહી છે.

સેન્ટ્રલ જીએસટી વિભાગના જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર અત્યારે એક અધિકારી પાસે જે ચાર્જ છે તે જ અધિકારી ભૂતકાળમાં એ મહત્વના મુદ્દા પર હતા કે જ્યાં તેને ઓર્ડર પાસ કર્યા હોય અને હવે તેઓ અપીલના જોઈન્ટ કમિશનર હોવાથી તેમની પાસે તે જ બધી અપીલો આવે તો તે કેસમાં તેઓ સુ નિર્ણય લેશે તે હવે ભવિષ્ય જણાવશે પરંતુ સ્થાનિકોનું માનવું છે અને તજજ્ઞોનું પણ માનવું છે કે ન્યાયિક રીતે અપીલના જે ઓર્ડર થવા જોઈએ તે થશે નહીં કારણકે ભૂતકાળમાં જે અધિકારીએ ઓડિટ હોય કે પછી પ્રિવેન્ટીવ ના કેસ હોય તેમાં જે ઓર્ડર કર્યો હોય અને તેની સામે કરદાતા અથવા તો વેપારી અપીલમાં જાય અને એ જ અધિકારી હવે અપીલના જોઈન્ટ કમિશનર હોય તો તેઓ એવું તો નથી કરવાના કે તેમના દ્વારા ભૂતકાળમાં કરેલો ઓર્ડર ખોટો હતો જેથી અત્યારે જે અપીલના કેસો પેન્ડિંગ પડેલા છે અને ભવિષ્યમાં જે જે અપીલો થશે અથવા તો કહી શકાય કે હાલના અપીલના જોઈન્ટ કમિશનર જ્યારે ડેપ્યુટી કમિશનર પ્રિવેન્ટીવ તરીકે ફરજ બજાવવી અને ત્યારબાદ એડિશનલ કમિશનર ઓડિટ તરીકે ફરજ બજાવી અને તે સમયે તેમના દ્વારા કરવામાં આવેલા ઓર્ડર જો અપીલમાં આવશે તો કઈ રીતનો નિર્ણય લેવાશે તેના પર હાલ સેન્ટ્રલ જીએસટી વિભાગના તજજ્ઞ ચિંતાતુર થયા છે.

સેન્ટ્રલ જીએસટી વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર જયારે ન્યાયસંગતતાની દ્રષ્ટિએ વાત કરવામાં આવે તો જે વ્યક્તિ પોતાની રીતે કોઈ કેમ એ મુદ્દાને જજ કરી શકે કે જે અંગે તેઓએ ભૂતકાળમાં કોઈ નિર્ણય આપ્યો હોય એટલે માનવાનું એ થાય કે હાલ જે જગ્યા પર અપીલના જોઈન્ટ કમિશનર પોતાની ફરજ બજાવે છે તે શું તેમના દ્વારા કરવામાં આવેલા ઓર્ડર કે જે અપીલમાં આવેલા છે તેમાં તેઓ કઈ માનસિકતા રાખશે. ?હાલ જે પ્રશ્ન અત્યારે ઉભો થયો છે તે ખરા અર્થમાં ચરિતાર્થ થાય તો આના ઘણા માઠા પરિણામો આવી શકે તેમ છે જે અંગે સેન્ટ્રલ બોર્ડ ઓફ ઇનડાયરેક્ટ ટેક્સીસે ગંભીરતાપૂર્વક વિચાર કરવો ખૂબ જરૂરી છે. આ માટે ખરા અર્થમાં કોઈ યોગ્ય વ્યવસ્થા ઉભી કરવામાં આવે તો જ ભવિષ્યમાં જે તકલીફ ઊભી થવાના એંધાણ છે તે શાંત થઈ શકે.

હાલ આ સ્થિતિનું નિર્માણ થતાં જ સેન્ટ્રલ જીએસટી વિભાગના સૂત્રો અને ટેક્સ કન્સલ્ટન્ટ માં ક્યાંક ને ક્યાંક ડર વ્યાપી ગયો છે. કેમકે જરૂરી એ છે કે જ્યારે કોઈ કરદાતા અથવા તો વ્યાપારી ઓર્ડર સામે અપીલમાં જતો હોય તે સમયે તેને આશા હોય છે કે તેમનો કેસ સાચો હોવાથી તેમને ન્યાય મળશે પરંતુ હવે જે અધિકારીએ ભૂતકાળમાં ઓર્ડર કર્યો હોય અને તે જ અધિકારી અપીલમાં જોવા મળે તો એ વાત વિચારવા જેવી છે કે શું તેમની તરફેણમાં નિર્ણય આવે કે કેમ ? ત્યારે હવે જે પણ વેપારી અથવા તો કરદાતા ના કેસ અપીલમાં હોય અને ભૂતકાળમાં તેમના કેસનો ઓર્ડર જો હાલના જોઈન્ટ કમિશનર અપીલ દ્વારા આપવામાં આવેલો હોય તો તે ઘણા ખરા અંશે કરદાતાની અથવા તો કહી શકાય કે વેપારીની ફેવરમાં આવી શકે તેમ ન હોય. ત્યારે આ પ્રકારના કિસ્સામાં વેપારી દ્વારા ક્યા પ્રકારનું વલણ અપનાવવામાં આવે તે હવે જોવાનું રહ્યું અને ખરા અર્થમાં જોઈન્ટ કમિશનર અપીલ દ્વારા કયા પ્રકારનું વલણ દાખવવામાં આવતું હોય તે પણ અત્યંત મહત્વની વાત સાબિત થઈ રહી છે.

## CBIC દ્વારા E Hearing ફરજિયાત તો રૂબરૂ બોલાવવાની શું જરૂર ?

કેન્દ્ર સરકાર અને દરેક સેન્ટ્રલ એજન્સી એ વાત ઉપર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે અને લોકોને સહેજ પણ હેરાનગતિનો સામનો ન કરવો પડે તે માટેની એક ખાસ વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે જેમાં સેન્ટ્રલ બોર્ડ ઓફ ઇનડાયરેક્ટ ટેક્સીસ દ્વારા હવે ફરજિયાત પણે **E Hearing** કરવાનો આદેશ આપવામાં આવ્યો છે ત્યારે આજની તારીખે પણ રાજકોટ કમિશનર અપીલ દ્વારા ફિઝિકલ હીયરિંગ જ કરવામાં આવે છે જે ખરા અર્થમાં અયોગ્ય છે આ અંગે એક વખત નહીં અનેક વખત રજૂઆતો કરવામાં આવી છતાં સ્થિતિ જે છે તે મુજબ જ છે. જે ઓર્ડર કરવામાં આવ્યો છે તેમાં સ્પષ્ટ સૂચિત કરાયા છે કે જે પણ વેપારી રિક્વેસ્ટ કરે કે તેઓને ફિઝિકલ હીયરિંગ માં સાંભળવામાં આવે તે જ કિસ્સામાં કમિશનર અપીલ દ્વારા તેને ગ્રાહ્ય રાખવું કે કેમ તે અંગેનો નિર્ણય લઇ જો તેઓની પરવાનગી હોય તો જ વેપારીને ફિઝિકલ હિયરિંગ માટે બોલાવી શકાય કારણ કે સરકાર અને સેન્ટ્રલ બોર્ડ ઓફ ઇનડાયરેક્ટ ટેક્સીઝનું માનવું છે કે હાલ જે રીતે ભારત દેશ ડિજિટલ ક્રાંતિ સર્જી રહ્યું છે તેવી જ રીતે હવે દરેક સરકારી કચેરીમાં પણ વધુને વધુ ડિજિટલ ટેકનોલોજી ન ઉપયોગ કરવામાં આવે જેથી લોકોને પણ કોઈ હેરાનગતિ ન રહે અને કામગીરી પણ ઝડપથી પૂર્ણ થઈ શકે પરંતુ આ પરિસ્થિતિ રાજકોટ સેન્ટ્રલ જીએસટી કચેરીમાં જોવા મળતી નથી અને દરેક અપીલના જે કેસો હોય તેને ફિઝિકલી જ હેન્ડલ કરવામાં આવે છે જે કાયદા વિરુદ્ધ છે તેવું જીએસટી વિભાગના જાણકાર વર્તુળો ચર્ચી રહ્યા છે.

## હ્યુમન ઇન્ટરવેશન નહીવત કરવા સરકારની વિચારણા

કેન્દ્ર સરકાર દ્વારા સરકારી કામોમાં હ્યુમન ઇન્ટરવેશન નહિવત કરવા વિચારણા ચાલી રહી છે ત્યારે હવે દરેક સેન્ટ્રલ એજન્સીના અધિકારીઓને સૂચિત કરી દેવાયા છે કે તેમના દ્વારા જે કામગીરી હાથ ધરવામાં આવે તે ડિજિટલી જ કરાય જેથી પબ્લિકનો પણ સમય બચે અને અધિકારીનો પણ સમય બચેને કામગીરી ઝડપભેર પૂર્ણ થઈ શકે પરંતુ હાલ સેન્ટ્રલ જીએસટી રાજકોટ દ્વારા જે અપીલ હાથ ધરવામાં આવી રહી છે અને તે પણ જયારે ફિઝિકલી કરવામાં આવતી હોય ત્યારે તો એવું ક્યુ કારણ છે કે અધિકારીઓ એ હિયરિંગ મારફતે અપીલ નથી સાંભળતા આ અંગે ઘણો રોષ વ્યાપી ઊઠ્યો છે.



# SGST વિભાગ ૧૦ - ૧૧માં ૧૨ હજારથી વધુ અપીલો પેન્ડિંગ

**હિયરિંગ ન થતા જમા કરવામાં આવેલા કરોડો રૂપિયા કરદાતાઓના થઈ ગયા લોક : વર્કિંગ કેપિટલને લઈ ઉદભવી રહી છે સમસ્યા**

રાજકોટ, તા. ૨

અધિકારીઓની આળસ અને સતત કહેવામાં આવતો એક જ શબ્દ કે ઉપલા અધિકારીઓએ હજુ સુધી કોઈ સૂચના કે આદેશ નથી આપ્યા આ જવાબ સાંભળીને અરજદારો હવે હેરાન પરેશાન થઈ રહ્યા છે તેવા અનેક ચિત્રો હાલ આંખે વળગે છે.

વાત જાણે કેવી છે કે રાજકોટ ખાતે આવેલી સ્ટેટ જીએસટી કચેરીમાં વિભાગ ૧૦ અને ૧૧માં ૩૧ માર્ચ ૨૦૨૪ સુધીમાં ૧૨,૦૦૦ થી વધુ અપીલ પેન્ડિંગ પડેલી છે કારણ કે અધિકારીઓ દ્વારા હિયરિંગ આપવામાં આવતું ન હોવાની વ્યાપારીઓ અને અરજદારો ફરિયાદ કરી રહ્યા છે એટલું જ નહીં તેઓનું માનવું છે કે આ અંગે ઉપલા અધિકારીઓને એક વખત નહીં અનેક વખત રજૂઆત કરવામાં આવી તો તેમના દ્વારા ઉપરથી સૂચના આવી ન હોવાનું કહીને વાત અધરતાલ કરી દેવામાં આવે છે. મહત્વનું એ છે કે જયારે કોઈ વેપારી અથવા તો કરદાતા અપીલમાં જાતો હોય તો તેઓએ ડિમાન્ડના ૧૦% ભરવાના હોય છે ત્યારે આ પ્રકારના આશરે કરોડો રૂપિયા હાલ પ્રિડિપોઝિટ થઈને પડેલા છે જેનો લાભ કરદાતાઓને અથવા તો કહી શકાય કે વેપારીઓને મળતો નથી આ અંગે એક વખત નહીં અનેક વખત રજૂઆતો કરવામાં આવી છે છતાં સ્ટેટ જીએસટીના અધિકારીઓ મગનું નામ મરી પણ પાડતા નથી.

બંને વિભાગોની જો વાત કરવામાં આવે ત્યારે ૧૨,૦૦૦ થી વધુ અપીલ જો પેન્ડિંગ પડેલી હોય તો તેનો નિકાલ ક્યારે અને કેવી રીતે કરવામાં આવશે હવે તે સૌથી મોટો પ્રશ્ન ઉભો થયો છે જેનો ઝડપભેર નિવેડો લાવો ખૂબ જરૂરી છે અને આ અંગે જો રાજયકર વિભાગ ગંભીરતાથી નહીં વિચારે તો ઘણા ખરા પ્રશ્નો ઊભા થઈ શકે છે.

બીજી તરફ બંને વિભાગોમાં ય-કુ બિલ ની અપીલો પણ વ્યાપક પ્રમાણમાં પેન્ડિંગ પડેલી છે અને જો ઈ વે બિલ માટે મુકાય નિર્ણય અથવા તો કોઈ કામગીરી આગળ ધપાવી હોય તો જે તે અરજદારે એટલે કે વેપારીએ સો ટકા ટેક્સ અને સો ટકા પેનલ્ટી ભરવી પડે છે તે મુજબની કરોડો રૂપિયાની રકમ પણ હાલ સ્ટેટ જીએસટી પાસે યથાવત રીતે પડેલી છે.

સ્ટેટ જીએસટી વિભાગના તજજ્ઞોના જણાવ્યા અનુસાર જો આ સ્થિતિ યથાવત રહી તો વેપારીઓને વર્કિંગ કેપિટલના પ્રશ્નો સતાવશે જેનો કોઈ તાગ મેળવી શકાય તેમ નથી. એટલું જ નહીં કોઈપણ કિસ્સામાં નામમાં ભૂલ આવી હોય કે રકમમાં ભૂલ આવી હોય તેવા કિસ્સા કે જેને હ્યુમન એરર તરીકે ઓળખવામાં આવતા હોય છે તે કેસનું પણ નિવારણ હજુ સુધી આવ્યું નથી ત્યારે મહત્વની વાત એ છે કે બંને વિભાગોમાં હાલ જે વિકટ સ્થિતિ ઊભી થઈ છે તેનો ઝડપથી નીવેડો લાવવો ખૂબ જરૂરી છે અને જો આ અંગે કોઈ યોગ્ય વ્યવસ્થા ઉભી કરવામાં નહીં આવે તો ભવિષ્યમાં સ્થિતિ ઘણા ખરા અંશે વણસી શકે છે. તેમાં કોઈ શંકાને સ્થાન નથી.

બીજી તરફ જીએસટીની એમ્નેસ્ટી યોજનાની મુદ્દત વધારવા માટે પણ નાણાં વિભાગમાં રજૂઆત કરવામાં આવેલી છે કારણ કે હાલ જે અપીલો ચાલી રહી છે તેને લઈને કરદાતાઓ આ સ્કીમ હેઠળ સંપૂર્ણ કર ચુકવણી કરવામાં અચકાઈ છે.

કારણ કે અપીલના નિર્ણય માં તેઓને વધુ ભરોસો છે અને તેમને આશા છે કે આ નિર્ણય દ્વારા તેઓને આંશિક રાહત મળી શકે તેમ હોય. શહેરમાં અનેકવિધ કરદાતાઓને એક જ બાબતે એક થી વધુ વખત નોટિસો ફટકારવામાં આવેલી માલુમ પડ્યું છે ત્યારે જ્યાં સુધારણા વિનંતીઓ અથવા તો અપીલ હજુ પણ અંતિમ ઓર્ડર માટે પેન્ડિંગ છે તેવા કેસમાં શું યોગ્ય ન્યાય કરતા અને મળી રહે તે મુજબની માંગણી પણ હાલ થઈ રહી છે.

કરદાતાઓ પાસેથી યોજનાનો લાભ લેવા માટે એકથી વધુ વખત ચૂકવણી કરવાની અપેક્ષા રાખી શકાતી નથી, જે અયોગ્ય મુશ્કેલીઓનું કારણ બને છે. કેન્દ્ર અને રાજ્ય કર સત્તાવાળાઓ દ્વારા સમાન આધાર પર કરદાતાઓને વારંવાર નોટિસ અને આદેશો જારી કરવામાં આવે છે. કરદાતાઓને સમાન મુદ્દા માટે બંને અધિકારક્ષેત્રો હેઠળ કર ચૂકવવાની આવશ્યકતા એ માત્ર નાણાકીય બોજ જ નહીં પરંતુ કાયદામાં પણ અન્યાયી છે.

આ પડકારોના પ્રકાશમાં, ૩૧ માર્ચ ૨૦૨૫ થી ૩૦મી જૂન, ૨૦૨૫ સુધી ટેક્સ ચૂકવણી માટે ઋજ્જ એમ્નેસ્ટી સ્કીમની સમયમર્યાદાને લંબાવવાની વિનંતી કરીએ છીએ, જેથી કરદાતાઓને તેમની બાકી અપીલ અને વિવાદોના નિરાકરણ પછી તેમની જવાબદારીઓનું સમાધાન કરવા માટે વધારાનો સમય મળે.

# માર્ચ ૨૦૨૫માં સ્ટેમ્પડ્યુટી પેટે સરકારને ૧૦૦ કરોડથી વધુની આવક

## ૧૫૦૦૦થી વધુ મિલકતોનું થયું વેચાણ : નવા વર્ષમાં આવક વધે તેવી શક્યતા

રાજકોટ, તા. ૨

રાજકોટનો વિકાસ દિન પ્રતિદિન થઈ રહ્યો છે ત્યારે માર્ચ મહિનાની જો વાત કરવામાં આવે તો ૧૫,૦૦૦ થી વધુ મિલકતોનું વેચાણ થયું છે. જે અંગેના દસ્તાવેજો ની નોંધણી સબ રજીસ્ટર કચેરીમાં થતા સરકારને સ્ટેમ્પ ડ્યુટી પેટે ૧૦૦ કરોડથી વધુની આવક થઈ છે. આગામી દિવસોમાં પણ આ અંગે યોગ્ય વ્યવસ્થા ઊભી કરવામાં આવે તેવું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે સાથોસાથ નવા વર્ષમાં પણ સ્ટેમ્પ ડ્યુટી ની આવકમાં સરકારને ઉતરોતર વધારો થાય તેવા પણ સંકેતો હાલ જોવા મળ્યા છે.

ફેબ્રુઆરી-૨૦૨૫માં ૧૨૯૧ મિલ્કતોનું વેચાણ થતા તેની દસ્તાવેજ નોંધણીની રૂા.૭૫૫૭૬૭૪૫૪ની આવક સરકારને થવા પામી હતી.

આમ ફેબ્રુઆરી-૨૦૨૫ની સાપેક્ષમાં માર્ચ-૨૦૨૫માં દસ્તાવેજ નોંધણીની આવકમાં રૂા. ૨૭.૨૮ કરોડનો વધારો થવા પામેલ છે.

જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં ૧.૧૭ લાખથી વધુ મિલ્કતોના દસ્તાવેજની સબરજિસ્ટ્રાર કચેરીમાં રજિસ્ટ્રેશન થવા પામેલ છે.

રીયલ એસ્ટેટ ઉદ્યોગ માટે મોરબી રોડ એવરગ્રીન રહ્યો છે. માર્ચ-૨૦૨૫માં પણ મોરબી રોડ વિસ્તારમાં સૌથી વધુ ૧૮૬૦ મિલ્કતોનું વેચાણ થતા તેના દસ્તાવેજોનું રજિસ્ટ્રેશન સબરજિસ્ટ્રાર કચેરીમાં થતા તેની ફી રૂા. ૧૬૬૭૪૬૨૧ અને યુઝડ ડયુટીની રૂા.૧૦૯૨૬૯૮૭૦ મળી કુલ રૂા. ૧૨૫૯૪૪૪૯૧ની આવક સરકારને થવા પામી છે. આવી જ રીતે શહેરના રૈયા વિસ્તારમાં ૧૦૪૧, રતનપર (રાજકોટ-૩) માં ૧૩૬૩, રાજકોટ-૧માં ૧૦૩૫ કોઠારીયા વિસ્તારમાં ૧૦૧૧, મવામાં ૮૪૬, મવડીમાં ૧૭૩૮ અને રાજકોટ રૂરલમાં ૮૫૪ મિલ્કતોનું વેચાણ થતા તેના દસ્તાવેજના રજિસ્ટ્રેશન સબરજિસ્ટ્રાર કચેરીમાં થયા છે.

જયારે જિલ્લાના ઉપલેટામાં ૬૨૩, ગોંડલમાં ૧૫૨૭, જેતપુરમાં ૭૯૭, ધોરાજીમાં ૪૩૩ કોટડા સાંગાણીમાં ૬૩૩, લોધીકામાં ૯૧૩, જામકંડોરણામાં ૧૩૭, જસદણમાં ૫૯૮, પડધરીમાં ૩૭૪, વિંછીયામાં ૧૧૨ મિલ્કતોનું વેચાણ થયેલ છે. જેના દસ્તાવેજોની નોંધણી સબરજિસ્ટ્રાર કચેરીમાં થવા પામી છે.

અહીં એ ઉલ્લેખનીય છે કે, ફેબ્રુઆરી-૨૦૨૫માં ૧૨૧૯૧ અને જાન્યુઆરી ૨૦૨૫માં ૧૩૭૮૨ મિલ્કતોનું વેચાણ થવા પામેલ હતું.

રાજકોટ જિલ્લામાં છેલ્લા એક વર્ષ દરમિયાન ૧.૧૭ લાખથી વધુ મિલ્કતોના દસ્તાવેજ રજિસ્ટ્રેશન થવા પામેલ છે.

જેમાં માર્ચ-૨૦૨૫માં જ ૧૫૮૯૫ મિલ્કતોના દસ્તાવેજ રજિસ્ટ્રેશન થવા પામેલ છે.

